dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 185 | AD - 2025, Chaitra Sud - 13 | Thursday, Dt.10-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સેન્ટ્રલ બેંકના આ નિર્ણયથી અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પારસ્પરિક ટેરિફથી પ્રભાવિત અર્થતંત્રને ટેકો મળવાની આશા

# રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવાની RBIએ કરી જાહેરાત

મુંબઈ,તા.૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપો રેટમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. RBI ની નાણાકીય નીતિ સમિતિએ સર્વાનુમતે તાત્કાલિક અસરથી રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, 'મોનેટરી પોલિસી કમિટીના સભ્યોએ તાત્કાલિક અસરથી પોલિસી રેપો રેટ ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૬% કરવા માટે મતદાન કર્યું હતું.' આ દરમિયાન, ગવર્નરે વૈશ્વિક વિકાસ માટે નવા પડકારો તરફ પણ ધ્યાન દોર્યું. આરબીઆઈએ સતત બીજી વખત મુખ્ય વ્યાજ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. સેન્ટ્રલ બેંકના આ નિર્ણયથી અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પારસ્પરિક ટેરિફથી પ્રભાવિત અર્થતંત્રને ટેકો મળવાની આશા જાગી છે. વ્યાજ દરમાં ઘટાડા પછી, મુખ્ય નીતિ દર એટલે કે રેપો રેટ ઘટીને ૬ ટકા થઈ ગયો છે. આ પગલાથી હાઉસિંગ, ઓટો અને કોર્પોરેટ લોન લેનારાઓને રાહત મળી છે. ફેબ્રુઆરીમાં તેની અગાઉની નીતિમાં, આરબીઆઈએ રેપો રેટ ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૬.૨૫ ટકા કર્યો હતો. આ દર મે ૨૦૨૦ માં છેલ્લા દર ઘટાડા પછી આવ્યો હતો. દરોમાં છેલ્લો સુધારો ફેબ્રુઆરી ૨૦૨૩ માં થયો હતો. જ્યારે પોલિસી રેટ ૨૫ બેસિસ પોઈન્ટ વધારીને ૬.૫ ટકા કરવામાં આવ્યો હતો.

રેપો રેટ એ દર છે જેના પર આરબીઆઈ બેંકોને નાણાં ધિરાણ આપે છે. આ દેવામાંથી બેંકો ગ્રાહકોને લોન આપે છે. રેપો રેટમાં ઘટાડાનો અર્થ એ છે કે બેંકો તરફથી મળતી અનેક પ્રકારની લોન, જેમ કે હોમ લોન અને કાર લોન, હવે સસ્તી થશે. જોકે, તે બેંકો પર નિર્ભર કરે છે કે તેઓ ક્યારે અને કેટલો ઈએમઆઈ ઘટાડશે. ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિ દર બે મહિનાના અંતરાલ પર યોજાયેલી તેની ત્રણ દિવસીય બેઠકમાં




રેપો રેટ ઘટાડવા, વધારવા અથવા સ્થિર રાખવાનો નિર્ણય લે છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે નાણાકીય નીતિ સમિતિએ સર્વાનુમતે પોલિસી રેટ ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૬.૨૫ ટકા કરવાનો નિર્ણય લીધો છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓને કારણે, આરબીઆઈએ જીડીપી વૃદ્ધિનો અંદાજ ૬.૭ ટકાથી ઘટાડીને ૬.૫ ટકા કર્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય આયાત પર ૨૬ ટકાના ભારે પારસ્પરિક ટેરિફની જાહેરાત કરી હતી, જે ૯ એપ્રિલથી અમલમાં આવી ગયો છે. આરબીઆઈ ગવર્નરે નાણાકીય વર્ષ ૨૦૨૬ માં વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૬.૫% રહેવાનો અંદાજ મૂક્યો છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે નીતિ અને વેપાર સંબંધિત અનિશ્ચિતતાઓને કારણે વૃદ્ધિ અંદાજ ૨૦ બેસિસ પોઈન્ટ ઘટાડવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં જીડીપી વૃદ્ધિ અંદાજો પ્રથમ ક્વાર્ટરમાં ૬.૫%,બીજા ક્વાર્ટરમાં ૬.૭%,ત્રીજા ક્વાર્ટરમાં ૬.૬%,ચોથા ક્વાર્ટરમાં ૬.૩% જયારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ફુગાવાનો દર ૪% સુધી રહી શકે છે આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે ખાદ્ય ફુગાવો નિર્ણાયક રીતે સકારાત્મક ક્ષેત્રમાં પ્રવેશી રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ફુગાવો ૪% રહેવાનો અંદાજ છે. ફેબ્રુઆરીમાં ફુગાવાનો દર ૪.૨% રહેવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ ૨૬ માટે ત્રિમાસિક અંદાજ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૩.૬%,બીજા ક્વાર્ટરમાં ૩.૯%,ત્રીજા ક્વાર્ટરમાં ૩.૮%,ચોથા ક્વાર્ટરમાં ૪.૪% રાખવામાં આવ્યો છે. ચાલુ નાણાકીય વર્ષની પ્રથમ દ્વિમાસિક નાણાકીય નીતિ રજૂ કરતી વખતે આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૬ માં છૂટક ફુગાવો ૪.૨% થી ઘટીને ૪% ની આસપાસ રહેશે. એટલે કે ખાદ્ય ચીજોના ભાવ નિયંત્રણમાં રહેશે. તમને જણાવી દઈએ કે ફેબ્રુઆરી ૨૦૨૫ માં છૂટક ફુગાવાનો દર ૩.૬૧% હતો. તે જ સમયે, જાન્યુઆરી દરમિયાન છૂટક ફુગાવાનો દર ૪.૨૬% હતો. ફુગાવાને નિયંત્રણમાં રાખીને, નીતિ નિર્માતાઓ આર્થિક વૃદ્ધિને ટકાવી રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, ખાસ કરીને વૈશ્વિક વેપાર અનિશ્ચિતતાઓના સંદર્ભમાં. રેપો રેટમાં ઘટાડો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે અમેરિકાએ ભારતીય આયાત પર ૨૬ ટકા ટેરિફ લાદ્યો છે, જે ભારત માટે ચિંતાનો વિષય છે. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી હતી કે સેન્ટ્રલ બેંક ગોલ્ડ લોન પર વ્યાપક માર્ગદર્શિકા જારી કરશે.

## મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાને આજે ભારત લવાશે

મુંબઈ,તા.૦૯

૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલામાં દોષિત ઠેરવાયેલા તહવ્વુર રાણાને આજે અમેરિકાથી ભારત લાવવામાં આવી રહ્યો છે. અહેવાલો અનુસાર, તપાસ એજન્સી NIA અને ગુપ્તચર એજન્સી RAWની સંયુક્ત ટીમ તહવ્વુર સાથે એક સ્પેશિયલ ફ્લાઈટમાં રવાના થઈ છે. તેઓ મોડી રાત સુધીમાં ભારત પહોંચવાની અપેક્ષા છે. તેને મુંબઈની



આર્થર રોડ જેલમાં રાખવાની તૈયારીઓ ચાલી રહી છે. NIA તેને આગામી થોડા અઠવાડિયા સુધી પોતાની કસ્ટડીમાં રાખશે. સોમવારે યુએસ સુપ્રીમ કોર્ટે રાણાના પ્રત્યાર્પણને રોકવા માટેની અરજી ફગાવી દીધી હતી. તહવ્વુરે ભારત આવવાનું ટાળવા માટે અરજી દાખલ કરી હતી. પોતાની અરજીમાં તેણે પોતાને પાર્કિન્સન રોગથી પીડિત ગણાવ્યો હતો અને કહ્યું હતું કે જો તેને ભારતને હવાલે કરવામાં આવે તો તેના પર ત્રાસ ગુજારવામાં આવી શકે છે. તહવ્વુર રાણાની ૨૦૦૯માં FBI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. રાણાને યુએસમાં લશ્કર-એ-તૈયબાને ટેકો આપવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. અત્યાર સુધી તેને લોસ એન્જલસના અટકાયત કેન્દ્રમાં રાખવામાં આવ્યો હતો.

## દેશમાં સામાન્યથી થોડો વધુ વરસાદ પડવાની સંભાવના : સ્કાયમેટની આગાહી

ન્યુ દિલ્હી,તા.૦૯

આ વખતે દેશમાં ચોમાસુ સામાન્ય રહેશે. એટલે સારા વરસાદની શક્યતા છે અને વરસાદ સામાન્ય કરતાં ત્રણ ટકા વધુ હોઈ શકે છે. સ્કાય મેટ વેધર ન્યૂઝે આ આગાહી જાહેર કરી છે. સ્કાયમેટના મતે, જૂનમાં ચોમાસાની શરૂઆત થોડી ધીમી રહેશે, પરંતુ જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચેના ત્રણ મહિનામાં સારો વરસાદ થવાની સંભાવના છે. દેશના



કરોડો ખેડૂતો અને સામાન્ય લોકો માટે આ રાહતના સમાચાર છે. પ્રાઈવેટ એજન્સી સ્કાયમેટ વેધરે તેમની આગાહીમાં જણાવ્યું છે કે ૨૦૨૫નું ચોમાસુ સામાન્ય રહેશે. આનો અર્થ એ કે આ વર્ષે દેશમાં સારો વરસાદ પડી શકે છે. ૨૦૨૫નું ચોમાસુ સારું રહેશે. કૃષિ, પાણી પુરવઠા અને વીજળીના મોરચે દેશ માટે રાહતના સમાચાર છે. પરંતુ સપ્ટેમ્બરમાં તમિલનાડુ, આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો, કોંકણ અને દક્ષિણ ગુજરાતમાં સામાન્યથી ઓછો વરસાદ પડવાની શક્યતા છે. સ્કાયમેટના નિષ્ણાત મહેશ પાલાવતે જણાવ્યું હતું કે લા લીનોની પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. તેમ છતાં, આ વખતે ચોમાસુ સામાન્ય રહેશે અને ૧૦૩ ટકા વરસાદ પડી શકે છે. આના કારણે, ૧ જૂનથી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન દેશમાં કુલ ૩૫ ઈંચ વરસાદની આગાહી છે.




## ભારતીય નૌકાદળને ટૂંક સમયમાં ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ મરીન ફાઈટર જેટ મળશે

ન્યુ દિલ્હી,તા.૦૯

ભારતીય નૌકાદળને ટૂંક સમયમાં ૨૬ રાફેલ મરીન ફાઈટર જેટ મળશે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતે ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ મરીન ફાઈટર જેટ ખરીદવાની મેગા ડીલને મંજૂરી આપી દીધી છે. ૬૩ હજાર કરોડ રૂપિયાની આ સરકારી ડીલ પર ટૂંક સમયમાં હસ્તાક્ષર કરવામાં આવશે. આ પછી, ફ્રાન્સ ભારતીય નૌકાદળને ૨૨ સિંગલ-સીટર અને ૪ ટ્વીન-સીટર જેટ સોંપશે. ૨૬ રાફેલ મરીન જેટની ખરીદી અંગે બંને દેશો વચ્ચે ઘણા મહિનાઓથી વાતચીત ચાલી રહી હતી. ભારત નૌકાદળ માટે રાફેલ-મરીન ડીલ માટે મૂળ કિંમત એ જ રાખવા માંગે છે જે તેણે ૨૦૧૬માં વાયુસેના માટે ૩૬ વિમાન ખરીદતી વખતે રાખી હતી. હવે બંને દેશો વચ્ચે ૬૩ હજાર કરોડ રૂપિયામાં ફાઈનલ ડીલ થઈ છે. ૨૬ રાફેલ-એમ ફાઈટર જેટ ખરીદવાની ડીલ પર ચર્ચાનો પ્રથમ રાઉન્ડ ગયા મહિને શરૂ થયો હતો. ત્યારબાદ ફ્રેન્ચ સરકાર અને દસોલ્ટ કંપનીના અધિકારીઓએ સંરક્ષણ મંત્રાલયની કોન્ટ્રેક્ટ નેગોશિએશન કમિટી સાથે ચર્ચા કરી હતી. ૫ હજાર કરોડ રૂપિયાની આ ડીલ ફાઈનલ થયા પછી, ફ્રાન્સ રાફેલ-એમ જેટ સાથે હથિયાર,



સિમ્યુલેટર, ક્રૂ માટે ટ્રેનિંગ અને લોજિસ્ટિકલ સપોર્ટ પૂરો પાડશે. ગયા વર્ષે પીએમ નરેન્દ્ર મોદીની ફ્રાન્સ મુલાકાત દરમિયાન આ ડીલની માહિતી સૌપ્રથમ પ્રકાશમાં આવી હતી. આ પછી, સંરક્ષણ મંત્રાલયે વિનંતી પત્ર જાહેર કર્યો હતો, જેને ફ્રાન્સ દ્વારા ડિસેમ્બર ૨૦૨૩માં સ્વીકારવામાં આવ્યો હતો. ફ્રેન્ચ ઓફરમાં ફાઈટર જેટ પર ભારતીય હથિયારો એસેમ્બલ કરવા માટે એક પેકેજનો સમાવેશ થાય છે. આ હથિયારોમાં એસ્ટ્રા એર-ટુ-એર મિસાઈલ, એરક્રાફ્ટ કેરિયર્સથી ઓપરેટ કરવા માટે જેટમાં ઈન્ડિયન સ્પેસિફિક ઈન્હેંસ્ડ લેન્ડિંગ ઈક્વિપમેન્ટ્સ અને જરૂરી સાધનોનો સમાવેશ થાય છે. ફ્રાન્સે ટ્રાયલ દરમિયાન ઈન્ડિયન એરક્રાફ્ટ કેરિયર્સથી રાફેલ જેટના લેન્ડિંગ અને ટેક-ઓફ સ્કિલનું પ્રદર્શન કર્યું છે, પરંતુ રીઅલ ટાઈમ ઓપરેશન્સ માટે કેટલાક વધુ ઈક્વિપમેન્ટ્સનો ઉપયોગ કરવો પડશે. આ પણ ભારતની ડીલનો એક ભાગ હશે.









**સરકાર જે રીતે વાતો કરે છે તે પ્રમાણે સરકારી શાળાઓમાં શિક્ષણ ન મળતું હોવાનો વાલીઓનો આક્ષેપ**

# વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે અમરેલી જિલ્લાની ૬ સરકારી પ્રા.શાળાઓને અલીગઢી તાળા

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં ૬ સહિત રાજયમાં ૫૦થી વધુ શાળાઓ બંધ થઈ હોવાનો ખુલાસો થયો છે. એકબાજુ રાજય સરકાર ગુણોત્સવ, પ્રવેશોત્સવ જેવા તાયફાઓ કરી રહી છે તેની સામે સરકારી પ્રા.શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે. અમરેલી જિલ્લામાં આવેલી ૬ સરકારી પ્રાથમિક શાળાઓને છેલ્લાં બે વર્ષમાં તાળા મારી દેવા પડ્યા છે. જેમાં ધારી તાલુકાની ફાચરીયા પ્રા.શાળા, બાબરાની સરકારી અંગ્રેજી માધ્યમ, અમરેલીની રામનગર પ્રા.શાળા, કુંકાવાવમાં ખાખરીયા પ્રા.શાળાને બંધ કરી તેના વિદ્યાર્થીઓને ૩ કિ.મી. દૂર સુર્યપ્રતાપગઢ શાળામાં મુકવામાં આવ્યા છે. લાઠીની અંગ્રેજી માધ્યમ શાળા અને રાજુલાના ડુંગર કુમાર શાળા-૨ને બંધ કરી દેવામાં આવી છે. જો કે આ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ન હોવાનું અમરેલી પ્રાથમિક શિક્ષણ વિભાગે જણાવ્યું હતું. શાળા બંધ થવાના કારણમાં



આજના સમયમાં વાલીઓની માનસિકતા પણ ભાગ ભજવે છે. જેમાં ઘણા વાલીઓમાં એવી માનસિકતા છે કે સરકારી શાળામાં અમારું બાળક જશે તો તે પાછળ રહી જશે, આ સાથે તે અન્ય પ્રવૃત્તિમાં પણ નબળું રહી જશે આવી માનસિકતાના કારણથી પણ બાળકોને વાલીઓ સરકારી શાળામાં મુકતા નથી. તો બીજી તરફ ક્યારેક સરકારી શાળામાં શિક્ષકની આળસથી પણ વાલીઓ ડરે છે અને રાજય સરકાર જે પ્રમાણે શિક્ષણની વાતો કરે છે તે મુજબ કોઈ શાળામાં કામ થતું નથી એટલે કે શિક્ષણની માત્ર વાતો કરીને જ સંતોષ માની લે છે.

**ખાનગી શાળાઓને કારણે સરકારી શાળાઓમાં બાળકોની ઘટ**

અમરેલી જિલ્લામાં સરકારી શાળાઓ બંધ થઈ રહી છે ત્યારે ખાનગી શાળાઓને મંજૂરી આપવામાં આવી રહી છે. ખાનગી શાળાઓને રાજય સરકારના નીતિ નિયમોને નેવે મૂકી મંજૂરી આપવામાં આવતી હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે. રાજય સરકાર દર વર્ષે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ કરે છે પરંતુ ખાનગી શાળાઓને આડેધડ મંજૂરી આપવામાં આવતી હોય જેથી સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી હોવાનું વાલીઓ જણાવી રહ્યાં છે.

# બાબરા તાલુકાના ગમા પીપળીયામાં સંત મામૈયા આપાની તિથિની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૦૯

બાબરા તાલુકાના ગમા પીપળીયા ગામે સંતશ્રી મામૈયા આપાની તિથિની ઉજવણી દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર સુદ અગિયારસને મંગળવારે ધામધૂમથી કરવામાં આવી હતી. સવારે ૯ કલાકે ગુરુ ગાદી દેશળપીરની જગ્યાએથી પધારેલા મહંત લક્ષ્મીદાસજી,



ચતુરદાસજી, રસીકદાસજી અને રામાપીરની જગ્યાના મહંત પરેશ બાપુનું તબલા-મંજીરાના તાલે અને ભજન સાથે સામૈયું કરવામાં આવ્યું હતું. ભાવિક ભક્તો દ્વારા આપાની જગ્યામાં ધજારોહણ કરાયું હતું. જેના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું. પધારેલા સાધુ-સંતો અને ગામના પૂજારીઓનું હાર અને શાલથી સન્માન કરાયું હતું. ગામના તમામ ભાઈઓ-બહેનો માટે ધુમાડાબંધ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

# આવતીકાલે લીલીયા ખાતે ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત

લીલીયા, તા.૦૯

લીલીયા મોટા સ્ટેશન રોડ પર સર્કિટ હાઉસ સામે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયત્નોથી આવનાર તારીખ ૧૧/૪/૨૦૨૫ના રોજ સવારના ૯:૩૦ કલાકે વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવી તેમજ



વિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયાના વરદ હસ્તે બસ સ્ટેન્ડનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજવામાં આવશે.

આ બસ સ્ટેન્ડનું કામ અંદાજે ૩.૩૪ કરોડ રૂપિયાનું થવા જઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ આ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ, જિલ્લા પંચાયત સદસ્ય રમીલાબેન ધોરાજીયા, વિપુલભાઈ દુધાત, લીલીયાના સરપંચ જીવનભાઈ વોરા દ્વારા તાલુકાની જનતાને આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૧૧ એપ્રિલે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકો માટે યુવા શક્તિ ફાઉન્ડેશન, શાપર-રાજકોટ માટે મશીન ઓપરેટર (પુરુષ ઉમેદવારો માટે જ) તેમજ ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરુપ ધોરણ ૫ થી ધો.૯, ધો.૧૦, ધો.૧૨, આઈ.ટી.આઈ., તમામ સ્નાતક, ડિપ્લોમા, બી.ઈ., બી.ટેક. સ્નાતક સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકો અરજી કરી શકે છે. આ ભરતી મેળો અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા ઓનલાઈન માધ્યમથી યોજાઈ રહ્યો છે, જેના માટે તમારે અનુબંધમ વેબપોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવું પડશે. આ મેળો જિલ્લા રોજગાર વિનિમય કચેરી, સી-બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી ખાતે ૧૧ એપ્રિલ, ૨૦૨૫, શુક્રવારના રોજ સવારે ૧૧ વાગ્યે યોજાશે. અનુબંધમ પોર્ટલ પર રજિસ્ટ્રેશન માટે આ લિંક Au: https://anubandham.gujarat.gov.in/jobseeker. વધુ માહિતી માટે અમરેલી જિલ્લા રોજગાર અધિકારીનો સંપર્ક કરી શકાય છે.

# અમરેલી જિલ્લાની આંગણવાડી વર્કરોને નવા મોબાઈલ ફોન આપવા સરકારમાં રજૂઆત

**આંગણવાડી વર્કરોને સારી સુવિધા આપવા માંગ કરી**

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લા પંચાયતમાં મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિના ચેરમેન નીતાબેન ચાવડાએ જિલ્લાની તમામ આંગણવાડીના વર્કરોને સારી રીતે કામગીરી થઈ શકે તે માટે આધુનિક ટેકનોલોજીયુક્ત કંપની મોબાઈલ ફોન આપવા માટે સરકારમાં માગણી કરી છે. આ ઉપરાંત તેમણે જિલ્લાની તમામ આંગણવાડીમાં સોલાર સિસ્ટમ ફીટ કરવામાં આવે તો લાઈટ બિલનો તમામ ખર્ચ બચી જાય તે માટે પણ મુખ્યમંત્રી, મંત્રી અને સાંસદ અને ધારાસભ્યોને રજૂઆત કરી હતી.

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજમાં કેન્સર અવેરનેસ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૯

અમરેલીમાં જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે તા.૦૪/૦૪/૨૦૨૫ના રોજ શાંતાબા હરિભાઈ ગજેરા મેડિકલ કોલેજ દ્વારા 'કેન્સર અવેરનેસ' પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મેડિકલ કોલેજમાંથી ૧૨ વિદ્યાર્થીઓના ગ્રુપે પી.પી.ટી. દ્વારા વિદ્યાર્થિનીઓને કેન્સર કઈ રીતે થાય છે? અને તેના નિવારણ માટે



કઈ કઈ કાળજી રાખવી જોઈએ તેની વિસ્તૃત માહિતી આપીને જાગૃત કર્યા હતાં. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વેલિયત તથા સ્ટાફમિત્રોએ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બગસરાનાં નટવરનગરમાં કેસરિયા દાદા મંદિરે હનુમાન જન્મોત્સવ ઉજવાશે, અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો

બગસરા, તા.૦૯

બગસરાના નટવરનગરમાં કેસરિયા ગ્રુપ અને સમસ્ત ગામ દ્વારા આગામી તારીખ ૧૨ ને શનિવારના રોજ હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. નટવરનગરમાં કેસરિયા દાદા તરીકે બિરાજમાન હનુમાનજી મંદિરના સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત આ ઉત્સવમાં ગામને ધજા અને પતાકાઓથી શણગારવામાં આવ્યું છે. કેસરિયા ગ્રુપ દ્વારા સમસ્ત ગામ માટે ધુવાડાબંધ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે, એટલું જ નહીં અબોલ પશુઓને ઘાસચારો અને લાડુનો પ્રસાદ પણ આપવામાં આવશે. તારીખ ૧૧ ના રોજ રાત્રે દાંડિયારાસ, ભજન અને ધૂનનો કાર્યક્રમ યોજાશે. તારીખ ૧૨ ના રોજ સવારે ૨૧ કુંડી હવન અને બપોરે ૪:૦૦ કલાકે ડી.જે.ના તાલે ભવ્ય શોભાયાત્રા નીકળશે. આ શોભાયાત્રા ખોડીયાર મંદિરથી શરૂ થઈ ગામના મુખ્ય માર્ગો પર ફરી કેસરિયા દાદાના મંદિરે પૂર્ણ થશે, જેમાં સંતો-મહંતોના સામૈયા પણ કરવામાં આવશે. સાંજે સમસ્ત ગામનું જમણવાર અને રાત્રે સુંદરકાંડના પાઠનું આયોજન છે. નટવરનગરમાં પ્રથમવાર આટલા ભવ્ય સ્તરે ઉજવણી થઈ રહી છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ચલાલામાં ભક્તભુષણશ્રી નામદેવજી મહારાજની જન્મજયંતીની ભવ્ય ઉજવણી

ધારી, તા.૦૯

ધારી તાલુકાના ચલાલા ગામે સમસ્ત દરજી સમાજ દ્વારા ભક્ત ભુષણ શ્રી નામદેવજી મહારાજની જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ચૈત્ર સુદ અગિયારસના રોજ સાઈ મંદિરના સાનિધ્યમાં દરજી સમાજના આરાધ્ય દેવની પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ પ્રસંગે મહિલા મંડળ દ્વારા સત્સંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને સમસ્ત સમાજ માટે જ્ઞાતિ



ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ ચલાલાના સમસ્ત દરજી સમાજના સહયોગથી સફળ બન્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે દરજી સમાજના આગેવાનો પ્રમુખ બાલુભાઈ જેઠવા, ઉપપ્રમુખ ગોવિંદભાઈ મકવાણા, મંત્રી મુકેશભાઈ સોલંકી, ખજાનચી રાજુભાઈ ગોહેલ સહિતનાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ દરમિયાન નવી કમિટીની પણ રચના કરવામાં આવી હતી.









# ચલાલામાં તોલમાપ એજન્સી દ્વારા વેપારીઓને ભારે કનડગત

**એજન્સી સામે વેપારીઓની ડિસ્ટ્રિક્ટ ચેમ્બરને રજૂઆત**

ચલાલા,તા. ૦૯

ચલાલામાં તોલમાપ એજન્સી દ્વારા વેપારીઓના વેપાર ધંધા કરવા માટેના વજનકાંટા અને મણીકા છાપવામાં ભારે કનડગત કરાતી હોવાની વેપારીઓમાં ફરિયાદો ઉઠી છે. એજન્સી સામે વેપારીઓએ ડિસ્ટ્રિક્ટ ચેમ્બરને રજૂઆત કરી હતી. ચલાલામાં વેપારી સૂત્રોએ જણાવ્યું હતું કે સમગ્ર વેપારી આલમમાં વજનકાંટા અને મણીકા વજન છપાવવામાં એજન્સી રાજેશ્વર સ્કેલ દ્વારા વેપારીઓને ભારે કનડગત અને ગેરવર્તન કરાતું હોવાની ફરિયાદો ઉઠી છે. એજન્સી સરકારના ધારાધોરણ મુજબ ફી ન વસુલતી હોવાના આક્ષેપો કર્યા હતા. વેપારીઓ પાસે ફી લઈ ગયા બાદ કેમ્પમાં તમારો કાંટો અને મણકા લઈ આવવાનું કહેવાય છે. પરંતુ કેમ્પ થતા જ નથી. ઉપરાંત ઈલેકટ્રિક કાટા રીપેરીંગમાં પણ નિયમ વિરૂદ્ધ નબળી કક્ષાની કોયલ અને બેટરી લગાવવામાં આવે છે. વેપારીઓને સર્ટીફીકેટ ન આપતા હોવાની પણ ફરિયાદો ઉઠી છે. ચલાલામાં કાંટા અને મણીકા છપાવવાની કામગીરી નીયમ મુજબ થાય છે કે નહી તેની ચકાસણી કરવા કોઈ જ દિવસ તોલમાપ અધિકારી ચલાલામાં ડોકાયા નથી. આ અંગે વેપારીઓએ ડિસ્ટ્રિક્ટ ચેમ્બરને રજૂઆત કરી હતી. ડિસ્ટ્રિક્ટ ચેમ્બરના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદીને એજન્સી સામેની ફરિયાદ મળતા આ અંગે તોલમાપ અધિકારીને રૂબરૂ મળીને રજૂઆત કરશે. ડિસ્ટ્રિક્ટ ચેમ્બરના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે આ એજન્સીને લઈને ચલાલાના વેપારીઓમાં રોષ છે. અહીં વેપારીઓને કનડગત બંધ કરવા તેમણે માંગણી કરી હતી.

# સાવરકુંડલા શહેરનાં મહુવા રોડ પર રીક્ષા પલટી જતા ટ્રાફિક જામ

**પોલીસે રીક્ષાને તાત્કાલિક દૂર કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો**



સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલાના મહુવા રોડ પર એક છકડો રીક્ષા અચાનક પલટી મારી જતાં રોડ સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો હતો. જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ સાવરકુંડલા ટાઉન પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ ટીમના સક્રિય પ્રયાસોથી પલટી ગયેલી રીક્ષાને રોડ પરથી સલામત રીતે ખસેડવામાં આવી હતી. પોલીસની આ તાત્કાલિક કામગીરીના પરિણામે મહુવા રોડ પરનો બ્લોક થયેલો ટ્રાફિક ગણતરીના સમયમાં જ ફરીથી શરૂ થઈ ગયો હતો, જેના કારણે મુસાફરો અને વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી ન હતી. સાવરકુંડલા ટાઉન પોલીસની આ સરાહનીય કામગીરી બદલ સ્થાનિક લોકોએ પોલીસ ટીમની પ્રશંસા કરી હતી.

# સુરતથી મહુવા ટ્રેન તા.૨૦થી નિર્ધારીત સમય કરતા ૩૦ મિનિટ વહેલી ઉપડશે

ભાવનગર,તા.૦૯

મુસાફરોની સુવિધા માટે અને સુરત-વડોદરા-અમદાવાદ સેક્શન પર સમયસર ટ્રેન દોડાવવા માટે, રેલવે પ્રશાસને સુરત-મહુવા એક્સપ્રેસ ટ્રેન (૧૯૨૫૫)ને સુરત સ્ટેશનથી ૩૦ મિનિટ વહેલા દોડાવવાનો નિર્ણય લીધો છે. જેના કારણે ૨૦.૦૪.૨૦૨૫થી સુરતથી મહુવા વચ્ચેના તમામ સ્ટેશનો પર આ ટ્રેનના આગમન અને પ્રસ્થાનનો સમય પણ બદલાશે. મહુવાથી સુરત જતી કોઈપણ ટ્રેનના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર ૧૯૨૫૫ સુરત - મહુવા એક્સપ્રેસ ૨૦મી એપ્રિલ, ૨૦૨૫થી સુરત સ્ટેશનથી તેના નિર્ધારિત સમય ૨૨.૦૦ કલાકને બદલે ૨૧.૩૦ કલાકે ઉપડશે અને ૧૦.૦૫ કલાકના બદલે ૦૯.૪૦ કલાકે મહુવા સ્ટેશન પહોંચશે.

# રાજુલા-જાફરાબાદના પાણીના પ્રશ્ને પ્રતિનિધિ મંડળ ગાંધીનગરમાં મંત્રીને મળ્યું

રાજુલા, તા.૦૯

રાજુલા અને જાફરાબાદના શહેરીજનોને પીવાનું પાણી અને ધારેશ્વર સહિત ૧૩ ગામના ખેડૂતોના સિંચાઈના પ્રશ્નોના મુદ્દે ઘણા સમયથી આંદોલન થઈ રહ્યા છે. આ સ્થિતિનું નિરાકરણ લાવવા માટે ખેડૂતોનું ડેલિગેશન આજે ગાંધીનગરમાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને મળ્યું હતું. આ દરમિયાન ૧૩ ગામોના



તસવીર : ગોપાલ રાઠોડ

ખેડૂતોની માંગ હતી કે ધાતરવડી ડેમના ભૂતકાળમાં પડી ગયેલા ફ્યુજ ગેટ ફરીવાર ફિટ કરવામાં આવે અથવા એટલી જ ઊંચાઈની RCC દીવાલ વધારવામાં આવે. પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેરે પણ અગાઉ ૨૦૧૭થી ૨૦૨૨ દરમ્યાન આ બાબતે વિધાનસભામાં લેખિત અને મૌખિક રજૂઆત કરેલ હતી. તે સંદર્ભે ગાંધીનગર ખાતે કુંવરજીભાઈ બાવળિયાને મળીને રજૂઆત કરી હતી. મંત્રીએ આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક અસરથી સ્થળ તપાસ કરવા જવાબદાર અધિકારીઓને સૂચના આપી અને નજીકના સમયમાં ધારેશ્વર ડેમની મુલાકાત લેવા સહમતી દર્શાવી હતી.

# વંડા અને મેકડા ગામ ખાતે ચાલી રહેલા સરકારી કામોની ડીડીઓએ મુલાકાત લીધી



સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલા તાલુકાના વંડા અને મેકડા ગામ ખાતે ચાલી રહેલા સરકારી કામોની જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યાએ મુલાકાત કરી હતી. અમરેલી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સાવરકુંડલા તાલુકાના વંડા અને મેકડા ગામના સરકારી દફતરની તપાસણી કરી હતી. જેમાં વંડા અને મેકડા ગ્રામ પંચાયત કચેરી, ઈ-ગ્રામ કેન્દ્રો, મિશન મંગલમ અને મિશન મંગલમ હેઠળ ચાલતા સખી મંડળોના બહેનોની મુલાકાત, સબ સેન્ટર, આરોગ્ય કેન્દ્રો, મનરેગા અંતર્ગત બનેલ આંગણવાડી, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બનાવેલ આવાસો અને મકાનના લાભાર્થીની મુલાકાત લીધી હતી. તેમજ કામની ગુણવત્તા, શેગ્રીગેશન શેડ, સ્મશાન ગૃહ તથા સ્મશાન કમ્પાઉન્ડ દીવાલોના કામની મુલાકાત, જળસંચયના કામો વગેરેની મુલાકાત કરી વંડા અને મેકડા ગામ ખાતે હાલ ચાલી રહેલા વિકાસના કામો અને સરકારી કામો યોગ્ય અને સારી રીતે થાય તે માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લામાં આરોગ્ય સેવાઓમાં ગુણવત્તાનો ઉદય, NQAS પ્રમાણપત્રમાં નોંધપાત્ર સિદ્ધિ

અમરેલી, તા.૦૯

ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, ત્યારે રાજ્યના છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવાઓ પહોંચે અને રાષ્ટ્રીય સ્તરના નેશનલ ક્વાલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS) મુજબની ગુણવત્તાયુક્ત સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા NQAS પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. ભારત



સરકારના NQAS પ્રોગ્રામ અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં ૫૦% થી વધુ હેલ્થ ફેસેલિટીને પ્રમાણિત કરવાનું લક્ષ્ય છે. અમરેલી જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી પી. બી. પંડ્યા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ. જોશીના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં રાજ્ય કક્ષાની ૭૩ અને રાષ્ટ્રીય કક્ષાની ૨૨ હેલ્થ ફેસેલિટીને NQAS પ્રમાણપત્ર પ્રાપ્ત થયા છે. વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં ૫૦%ના લક્ષ્યાંક સામે અમરેલી જિલ્લાની કુલ ૨૬૪ હેલ્થ ફેસેલિટીમાંથી ૭૩ ફેસેલિટીએ NQAS પ્રમાણપત્ર મેળવ્યું છે, જે અંદાજે ૨૭% કામગીરી દર્શાવે છે.

# અવસાન નોંધ

**સાવરકુંડલા**

જીજ્ઞેશભાઈ બાબુભાઈ બોરીસાગર (ઉ.વ.૫૦) તે ઋષભ જીજ્ઞેશભાઈ બોરીસાગરના પિતાશ્રીનું તા.૮/૪/૨૫ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૦/૪/૨૫ને ગુરુવારના સાંજે ૪ થી ૬ કલાકે રાજગોર બ્રાહ્મણ બોર્ડિંગ કૃષ્ણપ્લોટ દેવળાગેઇટ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

મનસુખલાલ વૃજલાલ કાણકિયા (ઉ.વ.૮૦)નું તા. ૭/૪/૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૦/૪/૨૫ ને ગુરુવારના સાંજે ૫ થી ૭ કલાકે અમારા નિવાસ સ્થાને ગાંધીચોક પંડ્યા શેરી વ્રજભૂમિ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

મર્હુમ ચૌહાણ જરીનાબેન નજીરભાઈ(પૂર્વ કાઉન્સિલર) તા.3/3/૨૫ સોમવારના રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે તેમનું ચેહલુમ શરીફ તા.૧૦/૪/૨૫ ને ગુરુવારના રોજ સવારનાં ૧૦ થી ૧૧ કલાકે તેમના નિવાસ સ્થાને ખાદી કાર્યાલય પાછળ મસ્જિદ પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે .

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 004

**સંકુલ ધો. ૧૧-૧૨ આર્ટસ - ગર્લ્સ સ્કૂલ - બપોર**
**સંકુલ ધો. ૧૧-૧૨ આર્ટસ - મીશ્ર સ્કૂલ - સવાર**

★ વિષય :- મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર - સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર / ઈતિહાસ ભૂગોળ
★ ધો. ૧૦ A1-A2ને ધો. ૧૧-૧૨ફી રાહત - ધો. ૧૨ A1-A2ને ધો. ૧૧-૧૨ ફી શરતી પરત
★ ગર્લ્સ સ્કૂલમાં - હોસ્ટેલ ગર્લ્સ & સીટી ગર્લ્સને પ્રવેશ - બપોર ૧૨:૪૫ થી ૦૬:૧૫
★ મિશ્ર સ્કૂલમાં - સીટી કુમાર & સીટી ગર્લ્સને પ્રવેશ - સવાર ૦૭:૧૫ થી ૧૨:૪૫
★ ઈ.મી. સ્કૂલમાં - હોસ્ટેલ સીટી - કન્યા કુમાર ને પ્રવેશ - ૦૭:૧૫ થી ૧૨:૪૫




# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં રામનવમીની ઉત્સાહપૂર્વક ઉજવણી

અમરેલી, તા.૦૯

અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ધો-૫થી ૧૧ ના વિદ્યાર્થીઓ દ્વારા રામનવમીના પર્વની ખૂબ જ ઉમંગ અને શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. રામસ્તુતિ તથા રામના ભજનો ગાઈને વિદ્યાર્થીઓએ ભક્તિમય વાતાવરણ ઊભું કર્યું હતું. વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણ દ્વારા રામલલ્લાની આરતી કરવામાં આવી હતી. મર્યાદા પુરુષોતમ રામનું જીવન ભારતમાં પ્રત્યેક લોકો માટે આદર્શ છે.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/ અરજી નં.૦૪/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. રસીલાબેન ગણપતભાઈ સુદાણી
રે. દોલતી, તા.સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧. તકમશ્રી દોલતી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી સુદાણી ગણપતભાઈ ભીમજીભાઈનું મરણ તા.૧૯/૧૦/૨૦૦૦ ના રોજ મુ.દોલતી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પ.અ.નં. ૪૭/૨૫ તા.૨૮/૦૩/૨૦૨૫

**વિવાદી-** **શ્રી સોનલબેન ડો/ઓફ હકાભાઈ ગમારા રહે. કોટડાપીઠા તા. બાબરા જિ. અમરેલી.** (મો.૯૧૦૬૬ ૭૦૪૭૨)

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કોટડાપીઠા, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે. કોટડાપીઠા** ગામના રહીશ આ કામના અરજદાર **સોનલબેન ડો/ઓફ હકાભાઈ ગમારાનો જન્મ તા.૨૨/૦૮/૨૦૦૧ ના રોજ મોજે - કોટડાપીઠા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મની** નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેથી કોર્ટમાં **તા.૦૭/૦૨/૨૦૨૫** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈ વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફતે **અત્રેની કોર્ટમાં મુદત તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર બાબરા**

**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

**ઉપલબ્ધ સારવાર**
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

**ઉપલબ્ધ સારવાર**
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફેક્ચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ચાંચબંદર ગામે મીઠાના ભાવ મુદ્દે અગરીયાઓએ કર્યુ વિરોધ પ્રદર્શન

અમરેલી,તા.૦૯

ચાંચબંદર ગામે રાજુલા જાફરાબાદ સોલ્ટ એસોસિએશન દ્વારા અગરીયાઓ એકઠા થયા હતા અને અપુરતા ભાવ મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. ગામમાં ગુજરાત હેવી કેમિકલ લીમીટેડ કંપની સામે અગરીયાઓએ મોરચો માંડયો હતો અને કામ બંધ કરાવ્યુ હતું. ભાવનગર વિસ્તારમાં મીઠાના ભાવ એક મેટ્રિક ટનના રૂપિયા ૧૦૦૮ આપવામાં આવી રહ્યાં છે. જયારે રાજુલા, જાફરાબાદ વિસ્તારમાં રૂપિયા ૭૭૫ આપવામાં આવી રહ્યાં છે. આ મુદ્દે અગરીયાઓ એકઠા થયા હતા અને કંપની સામે વિરોધ નોંધાવ્યો હતો. ગુજરાત હેવી કેમિકલ કંપની ચાંચબંદર ખેરા



ગામની જમીન પર સરકારની પાસેથી લીઝ પર જમીન લઇ વર્ષોથી મીઠાનું ઉત્પાદન કરે છે. પરંતુ ગ્રામજનો અને કંપની વચ્ચે પ્રથમ વખત વિવાદ ઉભો થયો છે. અહી મોટી સંખ્યામાં અગરીયાઓ કંપની સામે એકઠા થયા હતા અને સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. જો કે પીપાવાવ મરીન પોલીસ અહી દોડી આવી હતી અને લોકોને કંપનીમાં જતા અટકાવ્યા હતા. થોડીવાર માટે પોલીસ સાથે ચકમક થઈ હતી. જો કે બાદમાં મામલો થાળે પડયો હતો.

# અમરેલી જિલ્લામાં પોલીસ સંવર્ગની ખાલી પડેલ ૪૦ જગ્યાઓ ભરવામાં આવી

**પોલીસ કર્મચારીઓને બઢતી મળતા ખુશીનો માહોલ છવાયો**

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લા પોલીસ દળમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ, એએસઆઇ વગેરે વયનિવૃત્ત થતા કુલ ૪૦ વિવિધ સંવર્ગની જગ્યાઓ ખાલી પડી હોય જે જગ્યા પર બઢતીના આદેશ



કરાયા હતા. જેને પગલે પોલીસ કર્મચારીઓમાં ખુશીનો માહોલ છવાયો હતો. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા જિલ્લા પોલીસ દળના કુલ ૪૦ પોલીસ કર્મચારીઓને એપ્રિલ-૨૦૨૫માં સમય મર્યાદામાં બઢતી અંગેના આદેશ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં પોલીસ હેડ કોન્સ્ટેબલ તેમજ એએસઆઇ વગેરે વયનિવૃત્ત થતા કુલ ૪૦ જગ્યાઓ ખાલી પડી હતી. આમ નવી બઢતીથી અમરેલી જિલ્લા પોલીસ દળમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું અને પોલીસ કર્મચારીઓના મનોબળમાં વધારો થયો હતો. ૪૦ જેટલા પોલીસ કર્મચારીઓને બઢતી મળતા કામગીરીમાં પણ વધારો જોવા મળશે.

# રાજુલામાં ઘરકામ બાબતે પતિ સાથે બોલાચાલી થતા પરિણીતાએ એસિડ પીધુ

અમરેલી,તા.૦૯

રાજુલામાં સામાન્ય વાતમાં પતિ સાથે બોલાચાલી થતા પરિણીતાને લાગી આવતા પરિણીતાએ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. રાજુલા આંબેડકર સર્કલ પાસે રહેતા નયનાબેન રમેશભાઈ બાબરીયાને તેના પતિ સાથે ઘરકામ બાબતે બોલાચાલી થઈ હતી. જેથી નયનાબેનને આ બાબતે મનમાં લાગી આવતા ઘરમાં પડેલ એસિડની બોટલમાંથી થોડુ એસિડ ગટગટાવી લીધુ હતું. એસિડ ગટગટાવ્યા પછી નયનાબેનને અસર થતા ઉલટી ઉબકા થવા લાગ્યા હતા જેથી તાત્કાલિક સારવાર અર્થે દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસને આ ઘટનાની જાણ થતા તપાસ શરૂ કરી છે. આમ, પતિ-પત્ની વચ્ચે સામાન્ય બોલાચાલીમાં પત્નીએ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી હતી.

# લાઠી ખાતે અર્હમ યુવા સેવા ગૃપ દ્વારા નિઃશુલ્ક છાશ કેન્દ્રનો પ્રારંભ કરાયો

લાઠી, તા.૦૯

લાઠી શહેરમાં રાષ્ટ્ર સંત પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગૃપ દ્વારા એક માનવતાવાદી પહેલ કરવામાં આવી છે. ગૃપ દ્વારા જરૂરિયાતમંદ પરિવારો માટે નિઃશુલ્ક છાશ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે, જે દરેક નાના-મોટા પરિવારો માટે આશીર્વાદરૂપ




સાબિત થઈ રહ્યું છે. આ સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત આજે ૨૦૦ જેટલા પરિવારોને એક-એક લીટર છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાઠી મહાકાળી નવરાત્રી નાટક મંડળના સભ્યોએ આ છાશ વિતરણની વ્યવસ્થા સંભાળી હતી અને સેવાભાવનાથી આ કાર્યને સફળ બનાવ્યું હતું. નિઃશુલ્ક છાશ પ્રાપ્ત થતાં લાઠીના પ્રજાજનોએ આનંદ અને રાહતની લાગણી અનુભવી હતી. અર્હમ યુવા સેવા ગૃપની આ પહેલ શહેરભરમાં સરાહનીય બની છે, જે જરૂરિયાતમંદોને સહાયરૂપ થવાની પ્રેરણા આપે છે. આ પ્રકારની માનવતાવાદી પ્રવૃત્તિઓ સમાજમાં સકારાત્મક સંદેશ ફેલાવે છે.

# જિલ્લામાં હથિયાર સાથે રાખી જાહેરનામાનો ભંગ કરનાર ઝડપાયા

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં સુલેહ શાંતિ રહે અને દરેક તહેવારો શાંતિપૂર્વક યોજાય તે માટે અધિક જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જો કે જાહેરનામાનો ઉલાળીયો કરનાર શખ્સો સામે પોલીસે લાલ આંખ કરી છે. જેમાં અમરેલીના કસ્બાવાડમાં રહેતા મહેબુબ ઈકબાલ વાઘેલા કિં.રૂ.૫૦નું દાતરડુ સાથે રાખી આંટા મારતો હોવાથી પોલીસે મહેબૂબની જાહેરનામાના ભંગ બદલ અટકાયત કરી હતી. રાજુલાના સવિતાનગરમાં રહેતા કમલેશ ભગવાન સાંખટ નામનો યુવાન પોતાની પાસે લોખંડનો પાઈપ રાખી આંટા મારતો હોવાથી પોલીસે તેની અટકાયત કરી હતી તેમજ લક્ષ્મણસિંહ ફતેહસિંહ રાજપુત પોતાના કબજામાં લાકડી રાખતો હોવાથી પોલીસે તેની સામે જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ નોંધી હતી. આમ, પોલીસની કડક કાર્યવાહીથી જાહેરનામાનો ભંગ કરનારા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

# અમરેલીના કેરીયા રોડ પર ઝૂંપડપટ્ટીમાં લાગેલી આગને ફાયર વિભાગે કાબુમાં લીધી

અમરેલી,તા.૦૯

અમરેલી શહેરના કેરીયા રોડ પર GETCO ઓફિસની બાજુમાં આવેલ રહેણાંક ઝૂંપડપટ્ટીમાં અચાનક આગ લાગી હતી. અમરેલી ફાયર કંટ્રોલરૂમને જાણ થતાં, ફાયર ઓફિસર એચ. સી.ગઢવીની આગેવાની હેઠળ ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ બે ફાયર ટેન્કર સાથે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ટીમે પાણીનો મારો ચલાવીને આગ



પર ઝડપથી કાબુ મેળવ્યો હતો. ફાયર સ્ટાફની સતર્કતાને કારણે આજુબાજુની ઝૂંપડપટ્ટીઓ બચાવી લેવાઈ હતી અને ઘરમાં રહેલો સામાન તેમજ કિંમતી વસ્તુઓ બહાર કાઢી લેવામાં આવી હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

# લાઠીના કરકોલીયા ગામે ઝેરી દવાની અસરથી આધેડનું મોત

**વાડીએ દવા છાંટતા હતા ત્યારે ઝેરી દવાની અસર થઈ**

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં આપઘાત કે અપમૃત્યુના કેસમાં જાણે વધારો થયો હોય તેવુ લાગી રહ્યુ છે. હજુ બે દિવસ પહેલા જ હરસુરપુર દેવળીયા અને વાવડી ગામે ઝેરી દવા પીવાથી બે મહિલાના મોત નિપજ્યા હતા ત્યાં આજે લાઠી તાલુકાના કરકોલીયા ગામે વાડીએ દવાનો છંટકાવ કરતા ખેડૂતને ઝેરી દવાની અસર થતા તેનું મોત થયુ હોવાનું લાઠી પોલીસમાં જાહેર થયુ છે. હકુભાઈ દેવાયતભાઈ ડેરે લાઠી પોલીસમાં જાહેર કર્યુ છે કે, રાજેશભાઈ બાબુભાઈ ડેર પોતાની વાડીએ દવાનો છંટકાવ કરતા હતા ત્યારે ઝેરી દવાની અસર થતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન રાજેશભાઈનું મોત નિપજ્યુ હતું. આ ઘટનાની લાઠી હેડ કોન્સ્ટેબલ એમ.બી. સિંધવ તપાસ ચલાવી રહ્યાં છે.

# બગસરાનો અમરેલી અને જેતપુર રોડ સ્ટ્રીટલાઈટથી ઝળહળી ઉઠ્યો

બગસરા,તા.૦૯

બગસરા નગરપાલિકા દ્વારા જિલ્લા આયોગ મંડળની ૨૫ લાખની ગ્રાન્ટમાંથી નગરપાલિકા દ્વારા જુદા જુદા સ્થળોએ સ્ટ્રીટલાઈટ વીજપોલ ફીટીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બગસરા અમરેલી રોડ પર આઈટીઆઈથી સર્કલ સુધી લાઈટ તેમજ જેતપુર રોડ મોમાઈ ઓટો કારથી કેનાલ સુધી ૫૨ સ્ટ્રીટલાઈટ વિથ પોલનું લોકાર્પણ બગસરાના જુના સ્વામિનારાયણ મંદિરના



સ્વામી વિવેકસ્વરૂપ તેમજ પાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી.રીબડીયા, રાજુભાઈ ગીડા તેમજ શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણી, ભાવેશ મસરાણી, અશોક પંડ્યા, મુકેશ ગોંડલીયા પાલિકાના ભાજપના સદસ્યો તેમજ સમસ્ત બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ મહેશભાઈ વ્યાસ સહિતના આગેવાનો હાજર રહ્યાં હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ તેરસ
તા.૧૦-૦૪-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૦૧,
સૂર્યાસ્ત-૦૬:૪૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂર્વ ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૧૦-૦૪-૨૦૨૫ ગુરૂવાર

મેષઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

મિથુનઃ ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તેનાથી થોડી સ્થાયી સફળતા મળશે.

કર્કઃ આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે.

સિંહઃ આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો.

કન્યાઃ તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

તુલાઃ આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે.

વૃશ્ચિકઃ આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે.

ધનઃ આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટ અને સન્માનનો લાભ મળશે. સમયનો લાભ લઈ શકો છો.

મકરઃ આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે.

કુંભઃ આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ભાગીદારો સાથે સાચી પ્રામાણિકતા અને સારી વાણી રાખીને તમે લોકોનું દિલ જીતી શકો છો.

મીનઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે.

# અમરેલી જિલ્લામાં ઢીંગલી થઈ ગાડી હંકારતા શખ્સોને ઝડપી પાડતી પોલીસ

**પોલીસે વાહન સાથે દારૂ પીધેલી હાલતમાં ફરતા શખ્સો સામે કાર્યવાહી કરી**

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આમ છતાં પ્યાસીઓને પોલીસનો કંઈ જ ડર ન હોય તેમ છાકટા બની ગાડી ચલાવતા નજરે પડે છે. આવા છાકટા બનેલા શખ્સો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી હવાલાતની હવા ખવડાવી હતી. જેમાં અમરેલીમાં રહેતા ગૌતમ હિંમત જોષી કેફી પીણુ પી ઓટો રીક્ષા ચલાવતો હોવાથી ટ્રાફિક પોલીસની નજરે પડતા પોલીસે કેફી પીણુ પીધેલી હાલતમાં આ શખ્સને ઝડપી પાડ્યો હતો. રાજુલા ખોખરી ગામે કરશન રાજાભાઈ ગુજરીયા કેફી પીણુ પીધેલી હાલતમાં મોટરસાયકલ ચલાવતો હોય પોલીસે ઝડપી પાડ્યો હતો. નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુના ઉગલા તા. ગઢડા ગામે રહેતો ભરત જેરામ શિયાળ પીધેલી હાલતમાં બાઈક ચલાવતો હોવાથી ટ્રાફિક પોલીસની ઝપટે ચડ્યો હતો. સમઢીયાળા-૧ તા.રાજુલા ગામે રહેતો લાલજી ઉકા ચૌહાણ પીધેલી હાલતમાં ગાડી ચલાવતો હોવાથી પોલીસે ઝડપી પાડ્યો હતો. રાજુલાના મફતપરામાં રહેતો હરેશ લઘુ વાઘેલા પીધેલી હાલતમાં ડ્રાઈવીંગ લાયસન્સ વગર વાહન ચલાવતો પોલીસની નજરે ચડ્યો હતો. પોલીસે આ તમામ લોકો સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી વાહન કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાવરકુંડલામાંથી રાત્રીના સમયે લપાતો-છુપાતો ઈસમ ઝડપાયો

**પાલીતાણાના શખ્સની પોલીસે પૂછપરછ શરૂ કરી**

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં તસ્કરોએ કળા અજમાવતા ચોરીના બનાવો ન બને તે માટે પોલીસ સક્રિય બની છે. દામનગરમાં રામદેવપીર મંદિરમાં દાનપેટીનું તાળુ તોડી રૂા.૨૦૦૦૦ની ચોરી થયાની ઘટના હજુ તાજી છે જેથી જિલ્લામાં રાત્રીના સમયે આંટાફેરા મારતા શંકાસ્પદ ઈસમોની અટકાયત કરી પૂછપરછ શરૂ કરવામાં આવી છે. સાવરકુંડલા શહેરમાં પોલીસ રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતી ત્યારે રાત્રીના સમયે એક ઈસમ લપાતો-છુપાતો મળી આવતા પોલીસે તેની અટકાયત કરી હતી. આ ઈસમે પોતાનું નામ સલીમ ગની સૈયદ રહે. પાલીતાણા ગામનો હોવાનું પોલીસને જણાવ્યુ હતું. જેથી પોલીસે રાત્રીના કોઈ ગુનાને અંજામ આપવા લપાતો-છુપાતો હતો કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# અમરેલી જિલ્લામાં દેશી દારૂ વેચનારાઓ પર પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી

**પોલીસે દેશી દારૂ બનાવવાનો આથો સહિતનો મુદ્દામાલ કબજે કર્યો**

અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લામાં દેશી દારૂ બનાવનારાઓને જાણે પીળો પરવાનો મળી ગયો હોય તેમ બેરોકટોક દેશી દારૂ બનાવી રહ્યા છે. બુટલેગરોને પોલીસનો જાણે કંઈ જ ડર ન હોય તેમ બિન્દાસ્ત દેશી દારૂનું વેચાણ કરતા હોવાનું પણ સામે આવ્યું છે. દેશી દારૂ બનાવવાનો ધંધો કરતા આવા ઈસમો પર જિલ્લા પોલીસ ત્રાટકી હતી જેમાં રાજુલાના ચાંચ ગામે નરસી ખીમા શિયાળના કબજામાંથી પોલીસે બે લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. મરીન પીપાવાવ પોલીસે મહુવા વિસ્તારમાં રહેતા હરી કાના ગુજરીયાના કબજામાંથી બે લીટર દેશી દારૂ, બાઢડા ગામેથી પંકજ ગોબર વીરાણીના કબજામાંથી પાંચ લીટર દેશી દારૂ, જાબાળ ગામેથી અરવિંદ ભાવેશ ધોળકીયાના કબજામાંથી બે લીટર દેશી દારૂ, સાવરકુંડલામાંથી કિંજલ ચંદુ વાઘેલા નામની મહિલાના કબજામાંથી ૮ લીટર દેશી દારૂ, સાવરકુંડલામાંથી લાલજી જીવરાજ ચાવડાના કબજામાંથી ૩ લીટર દેશી દારૂ, નાના માચીયાળા ગામેથી મહિપત જગુભાઈ વાળાના કબજામાંથી ૩ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આ તમામ લોકો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. જો કે હજુ પણ પ્યાસીઓ ગમે ત્યાંથી દેશી દારૂ મેળવતા હોય ત્યારે આવા પ્યાસીઓની પોલીસ સઘન પૂછપરછ કરે તો જિલ્લામાં દેશી દારૂ વેચતા વધુ શખ્સોના નામ ખુલે તેવી શકયતા છે.

# સાવરકુંડલાની કાણકિયા કોલેજ ખાતે સાયબર ક્રાઈમ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૯

કાણકિયા કોલેજ સાવરકુંડલા અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલીના સંયુક્ત ઉપક્રમે કોલેજ ખાતે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અંગેની સંપૂર્ણ સમજણ આપતા એક વર્કશોપનું આયોજન થયું હતું. કોલેજના આચાર્ય રવિયાના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગના કોન્સ્ટેબલ નૈતિકભાઈ બાબરીયા તથા સમીરખાને પી.પી.ટી.ના



માધ્યમથી સાયબર ક્રાઈમ વિશે વિદ્યાર્થીઓને સંપૂર્ણ માહિતગાર કર્યા હતા. જેમાં સાયબર ક્રાઈમનો ભોગ બનેલા લોકો વિશેના સમાચારપત્રોના કટીંગ વગેરે જેવા ઉદાહરણ દર્શાવીને તમામ બાબતો આવરી લીધી હતી અને આ અંગેની માહિતી ધરાવતા સાહિત્યનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

**તંત્રી લેખ**

# ભારત અમેરિકા સાથે મળે તો ચાઇનાની તાકાત બેલેન્સ કરી શકાય

વિશ્વમાં ચીન ઝડપભેર વધુને વધુ તાકાતવાન બનતું જાય છે તેનું મુખ્ય કારણ તેની ઉત્પાદકતા અને તેની વિસ્તરણની નીતિ છે. વિશ્વના નાના ને ગરીબ દેશોને તે મોટી મોટી લોન આપીને પોતાના અજગર ભરડામાં લઈ લે છે અને પછી એના સંસાધનો પર કબજો કરે છે. ચીન આ રીતે વધુને વધુ વિસ્તાર પામી રહ્યું છે. દક્ષિણ એશિયામાં અનેક નાના દેશો એવા છે જે ચીનની મેલી મુરાદના ભોગ બની રહ્યા છે આનો સામનો કરવા માટે ભારતે અમેરિકા સાથે હાથ મેળવીને આગળ આવવું પડશે. આ ઉપરાંત મેન્યુફેક્ચરિંગ હબ પોતાના દેશમાં બનાવીને તેમનો સામનો કરવા માટે સક્ષમ બનવું પડશે. ચીનની વધતી તાકાત પાછળ તેનું ઉત્પાદન અને વધતો જીડીપી છે. આ ઉપરાંત તે અનેક દેશોને પોતાની લોનની જાળ અને બીઆરઆઈ (બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ)માં ફસાવીને પોતાનું વિસ્તરણ કરી રહ્યું છે. અમેરિકાને પાછળ રાખવાની તેની નીતિની ભારત પર ખરાબ અસર થશે. ભારત-અમેરિકાએ ભેગા મળીને એવી કોઈ રણનીતિ બનાવવી પડશે, જે ચીનની મહત્ત્વાકાંક્ષાઓ પર અંકુશ લગાવી શકે. જે એક વૈકલ્પિક પુરવઠા તંત્ર અને મેન્યુફેક્ચરિંગ હબની સ્થાપના વગર શક્ય નથી. વડાપ્રધાનનું 'આત્મનિર્ભર ભારત'અભિયાન એક મહત્ત્વપૂર્ણ પહેલ છે અને તેમાં ભારતને એક વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ કેન્દ્ર બનાવવા માટે સાચો દષ્ટિકોણ અને નીતિ આધારિત માળખું છે. જોકે, તેની સફળતા સુધારાને ઝડપથી લાગુ કરવા, માળખાગત સુવિધાઓ સુધારવા અને કાર્યકુશળ વર્કફોર્સ બનાવવાની ક્ષમતા પર આધાર રાખશે. જો આ પાસાઓ પર અસરકારક રીતે વિચારણા કરાશે તો જ ભારત મેન્યુફેક્ચરિંગમાં એક મુખ્ય ખેલાડી બની શકે છે. ચીનને તાકાતવાન બનાવવા માટે અમેરિકાએ ભૂતકાળમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. જે આજે અમેરિકાને પડકાર કરે છે. ભૂતકાળની વાત કરીએ તો અમેરિકાના રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સનનો કાર્યકાળ અમેરિકા-ચીન સંબંધોની આધુનિક ગતિશીલતાને આકાર આપવામાં મહત્ત્વપૂર્ણ હતો, જેને કારણે ડ્રેગનનું અર્થતંત્ર મજબુત થયું. અમેરિકાને હવે આ ભૂલનો અહેસાસ થતો હશે. ૧૯૭૨માં નિક્સનની ચીનની યાત્રાએ બંને દેશો વચ્ચે દાયકાઓના વિખવાદને સમાપ્ત કરી દીધો હતો. તેણે ચીનને દુનિયા માટે ખોલી નાખ્યું અને ત્યાં આર્થિક સુધારાનો પાયો નખાયો. એ ચીનની મેન્યુફેક્ચરિંગ તાકાત જ છે, જે આજે 'મેડ ઈન ચાઈના'ના નામે ઓળખાય છે. કોર્પોરેટ અમેરિકા શરૂઆતમાં ચીનના વિશાળ ઉપભોક્તા-આધારથી આકર્ષિત થયું હતું પરંતુ તેને ટૂંક સમયમાં જ સમજાઈ ગયું કે, મૂળ વાત તો ચીનના મોટા અને સસ્તા વર્કફોર્સમાં છે, જેનો ઉપયોગ મોટાપાયે મેન્યુફેક્ચરિંગ માટે કરી શકાય છે. ચીને પોતાનું અર્થતંત્ર ઉદાર બનાવ્યું અને અમેરિકાના વ્યવસાયોએ સસ્તા શ્રમનો ફાયદો ઉઠાવવા અને પોતાના નફાના માર્જિનને વધારવા માટે ઉત્પાદનને આઉટસોર્સ કરવામાં અભૂતપૂર્વ તક જોઈ. જેણે ચીનના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. ચીનને બદલે ભારતને વ્યૂહાત્મક રીતે મેન્યુફેક્ચરિંગ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાના ઉપાય કરવા પડશે. પ્રથમ- વેપાર સંબંધો અને પુરવઠા સાંકળને મજબૂત કરવી પડશે. ભારત 'મેક ઈન ઈન્ડિયા જેવી પહેલના માધ્યમથી અને કર-રાહત, જમીન સુધારણા તથા શ્રમ કાયદામાં ઢીલ જેવા પ્રોત્સાહન આપીને ચીનથી દૂર જવા માગતી વૈશ્વિક કંપનીઓને પોતાને ત્યાં આકર્ષી શકે છે.'

# વર્તમાન સમયમાં આર્થિક સલામતીના જટિલ પ્રશ્નોનો ઉકેલ અતિ સરળ છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આજે માનવીને સૌથી મોટી ચિંતા પોતાના આરોગ્યની છે અને સૌથી મોટો ભય મોતનો છે. આરોગ્યનો ઉપાય છે પરંતુ મોત જીવનનું અંતિમ સત્ય છે તેમ ભગવાન બુદ્ધે કહ્યું છે. આના પછી ત્રીજા ક્રમે આવે છે આર્થિક સલામતી. પોતાની આવક બંધ થઈ જશે તો પરિવારનું શું થશે તે આજે સૌથી મોટી ચિંતા છે. વ્યાજે લીધેલા પૈસા નહી ચૂકવાય તો શું થશે? આના કારણે અનેક માનવી કરજ ચૂકવવા નિષ્ફળ જતા આત્મહત્યા કરે છે. આર્થિક સલામતીની આજે સૌ કોઈ ઈચ્છા રાખે છે. જેની પાસે બેંકમાં લાખો રૂપિયા પડ્યા છે પરંતુ સાઈબર ફ્રોડ થતાની સાથે જ ગણતરીની મિનિટોમાં બેન્ક એકાઉન્ટ સાફ થઈ જાય છે. આજની તારીખે સાયબર ફ્રોડની સામે સુરક્ષા આપતી ઈન્સ્યોરન્સ કંપની પણ છે. અને તેનું નામ છે "ટ્રોથ ઈન્સ્યોરન્સ" જિંદગીના જોખમો સામે આર્થિક રીતે અડીખમ ઊભા રહેવા માટે જીવન વીમો બહુ જાણીતી વાત છે પરંતુ ઈન્સ્યોરન્સ આપના વાહનથી માંડીને આપના નાણાની સલામતી સામેના જોખમ સામે પણ આર્થિક સલામતી આપે છે. સાયબર ફ્રોડનો પણ હવે વીમો મળી શકે છે! વર્તમાન સમયમાં નાણાંની સલામતી માટે ઈન્સ્યોરન્સ હોવો જરૂરી છે. વીમાની રકમ મોત પછી જ મળે એવું નથી. એવી અનેક પોલીસી છે જે અનેક રીતે ઉપયોગી છે. એક વીમા કંપની બેંકમાં પડેલા તમારા લાખો રૂપિયાની સાયબર ઠગ દ્વારા ચોરી ન થાય તે માટે પણ ઈન્સ્યોરન્સ આપે છે. આ પહેલા આપણે ઈન્સ્યોરન્સ વિશે વધુ જાણકારી મેળવીએ.

ઈન્સ્યોરન્સના મુખ્ય પ્રકારો અને તે શું કાર્ય કરે છે તે જાણીએ. ઈન્સ્યોરન્સના મુખ્ય પ્રકારોને મુખ્યત્વે બે ભાગમાં વહેંચી શકાય છે.

૧. જીવન વીમો (Life Insurance): કાર્યઃ જીવન વીમો વ્યક્તિના મૃત્યુ પછી તેના પરિવાર અથવા લાભાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડે છે. જો પોલિસી ધારકનું પોલિસીના સમયગાળા દરમિયાન મૃત્યુ થાય છે, તો વીમા કંપની નક્કી કરેલી રકમ (સમ એશ્યોર્ડ) તેના નોમિનીને ચૂકવે છે. મુખ્ય પ્રકારોઃ ટર્મ ઈન્સ્યોરન્સ (Term Insurance): આ સૌથી સરળ અને સસ્તો જીવન વીમો છે. તે ચોક્કસ સમયગાળા માટે રક્ષણ આપે છે. જો આ સમયગાળા દરમિયાન મૃત્યુ થાય તો જ લાભ મળે છે. હોલ લાઈફ ઈન્સ્યોરન્સ (Whole Life Insurance): આ વીમો આખા જીવન માટે રક્ષણ આપે છે અને તેમાં બચતનો ભાગ પણ હોય છે. એન્ડોવમેન્ટ પ્લાન (Endowment Plan): આ પ્લાન ચોક્કસ સમયગાળા પછી પાકતી મુદતનો લાભ અને મૃત્યુ લાભ બંને આપે છે. મની બેક પ્લાન (Money Back Plan): આ પ્લાનમાં પોલિસીના સમયગાળા દરમિયાન નિયમિત અંતરાલે પૈસા પાછા મળે છે અને પાકતી મુદતે બાકીની રકમ મળે છે. યુનિટ લિંક્ડ ઈન્સ્યોરન્સ પ્લાન (ULIP): આ પ્લાન વીમા અને રોકાણનું મિશ્રણ છે. પ્રીમિયમનો એક ભાગ રોકાણ કરવામાં આવે છે અને બીજો ભાગ વીમા કવચ પૂરૂ પાડે છે. ચાઈલ્ડ પ્લાન (Child Plan): આ પ્લાન બાળકોના ભવિષ્યના ખર્ચાઓ (શિક્ષણ, લગ્ન વગેરે) માટે



બનાવવામાં આવે છે. રિટાયરમેન્ટ પ્લાન (Retirement Plan): આ પ્લાન નિવૃત્તિ પછી નિયમિત આવક પૂરી પાડવા માટે બનાવવામાં આવે છે. ૨. સામાન્ય વીમો (General Insurance): કાર્યઃ સામાન્ય વીમો જીવન સિવાયની અન્ય સંપત્તિઓ અને જવાબદારીઓ સામે આર્થિક રક્ષણ આપે છે. તે વિવિધ પ્રકારના જોખમો સામે નુકસાનની ભરપાઈ કરે છે. મુખ્ય પ્રકારોઃ હેલ્થ ઈન્સ્યોરન્સ (Health Insurance): આ વીમો માંદગી અને અકસ્માત દરમિયાન થતા તબીબી ખર્ચાઓને આવરી લે છે. મોટર ઈન્સ્યોરન્સ (Motor Insurance): આ વાહનો (કાર, બાઈક વગેરે) ને અકસ્માત, ચોરી અથવા ત્રીજા પક્ષના નુકસાન સામે રક્ષણ આપે છે. ભારતમાં વાહન વીમો ફરજિયાત છે. હોમ ઈન્સ્યોરન્સ (Home Insurance): આ ઘર અને તેની અંદરની વસ્તુઓને કુદરતી આપત્તિઓ, ચોરી અથવા અન્ય નુકસાન સામે રક્ષણ આપે છે. ટ્રાવેલ ઈન્સ્યોરન્સ (Travel Insurance): આ મુસાફરી દરમિયાન થતી તબીબી સમસ્યાઓ, સામાન ગુમ થવો અથવા ફ્લાઈટ રદ થવા જેવી મુશ્કેલીઓ સામે રક્ષણ આપે છે. ફાયર ઈન્સ્યોરન્સ (Fire Insurance): આ આગના કારણે થતા નુકસાન સામે રક્ષણ આપે છે. મરીન ઈન્સ્યોરન્સ (Marine Insurance): આ દરિયાઈ માર્ગે થતા માલસામાનના નુકસાન સામે રક્ષણ આપે છે. કોમર્શિયલ ઈન્સ્યોરન્સ (Commercial Insurance): આ વ્યવસાયોને વિવિધ જોખમો જેમ કે સંપત્તિનું નુકસાન, જવાબદારીઓ અને કર્મચારીઓ સંબંધિત જોખમો સામે રક્ષણ આપે છે. તેમાં ફાયર, મરીન, એન્જિનિયરિંગ અને લાયબિલિટી ઈન્સ્યોરન્સ જેવા પ્રકારોનો સમાવેશ થાય છે. પર્સનલ એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (Personal Accident Insurance): આ અકસ્માતમાં થતા મૃત્યુ, કાયમી અપંગતા અથવા ઈજાઓ સામે આર્થિક સહાય પૂરી પાડે છે. આ ઈન્સ્યોરન્સના મુખ્ય પ્રકારો છે, અને દરેક પ્રકાર ચોક્કસ જરૂરિયાતો અને જોખમોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. તમારી જરૂરિયાત અનુસાર યોગ્ય ઈન્સ્યોરન્સ પોલિસી પસંદ કરવી મહત્વપૂર્ણ છે. ઈન્સ્યોરન્સ કોણ લઈ શકે ? ઈન્સ્યોરન્સ કોઈપણ વ્યક્તિ લઈ શકે છે જે નીચેની મૂળભૂત જરૂરિયાતોને પૂર્ણ કરે છેઃ પુખ્ત વયઃ સામાન્ય રીતે, ઈન્સ્યોરન્સ પોલિસી લેવા માટે વ્યક્તિની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ. જો કે, કેટલાક ખાસ કિસ્સાઓમાં (જેમ કે બાળ વીમા યોજનાઓ), માતા-પિતા અથવા કાનૂની વાલી બાળક વતી પોલિસી લઈ શકે છે. સક્ષમ કરારકર્તાઃ વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ હોવી જોઈએ અને કરાર કરવા માટે સક્ષમ હોવી જોઈએ. વીમાપાત્ર હિત (Insurable Interest): વ્યક્તિને જેના માટે તે ઈન્સ્યોરન્સ લઈ રહી છે તેમાં આર્થિક હિત હોવું જોઈએ. ઉદાહરણ તરીકે, તમે તમારા પોતાના જીવન, તમારા પરિવારના સભ્યો (પત્ની, બાળકો, માતા-પિતા) અથવા તમારી માલિકીની સંપત્તિ (ઘર, વાહન) માટે ઈન્સ્યોરન્સ લઈ શકો છો. તમે કોઈ એવી વ્યક્તિ માટે જીવન વીમો ન લઈ શકો જેની સાથે તમારું કોઈ આર્થિક સંબંધ ન હોય. પ્રીમિયમ ચૂકવવાની ક્ષમતાઃ પોલિસી ચાલુ રાખવા માટે વ્યક્તિ પાસે નિયમિત રીતે પ્રીમિયમ ચૂકવવાની ક્ષમતા હોવી જોઈએ. વિવિધ પ્રકારના ઈન્સ્યોરન્સ માટે ચોક્કસ પાત્રતા માપદંડો અલગ અલગ હોઈ શકે છેઃ જીવન વીમોઃ ઉંમર, આરોગ્યની સ્થિતિ અને આવક જેવા પરિબળો મહત્વપૂર્ણ છે. કેટલીક ગંભીર બીમારીઓ ધરાવતા લોકો માટે પોલિસી મેળવવી મુશ્કેલ અથવા ખર્ચાળ હોઈ શકે છે. હેલ્થ ઈન્સ્યોરન્સઃ ઉંમર અને આરોગ્યની સ્થિતિ મહત્વપૂર્ણ છે. કેટલીકવાર પ્રી-એક્ઝિસ્ટિંગ બીમારીઓ માટે વેઈટિંગ પિરિયડ હોય છે. મોટર ઈન્સ્યોરન્સઃ વાહનની માલિકી અને ડ્રાઈવિંગ લાયસન્સ હોવું જરૂરી છે. હોમ ઈન્સ્યોરન્સઃ ઘરનો માલિક હોવો જરૂરી છે. ટ્રાવેલ ઈન્સ્યોરન્સઃ મુસાફરી કરનાર કોઈપણ વ્યક્તિ આ પોલિસી લઈ શકે છે. ટૂંકમાં, મોટાભાગના પુખ્ત વયના લોકો કે જેઓ વીમાપાત્ર હિત ધરાવે છે અને પ્રીમિયમ ચૂકવી શકે છે તેઓ કોઈપણ પ્રકારનો ઈન્સ્યોરન્સ લઈ શકે છે. જો કે, દરેક ચોક્કસ પોલિસીની શરતો અને પાત્રતાના માપદંડોને સમજવા મહત્વપૂર્ણ છે. તમામ પ્રકારના વીમાની માહિતી માત્ર એક જ કંપની પાસે જો હોય તો તે છે."ટ્રોથ ઈન્સ્યોરન્સ" આ કંપની સાયબર ફ્રોડ સામે પણ વીમા કવચ આપે છે! ટ્રોથ ઈન્સ્યોરન્સ એ તમામ વીમા જરૂરિયાતો માટેનું તમારૂ વન-સ્ટોપ સોલ્યુશન છે, જે નિષ્ણાત દાવાઓની સહાય અને સરળ, મુશ્કેલી-મુક્ત સમાધાન ઓફર કરે છે. અન્ડરરાઈટર્સ, માર્કેટિંગ નિષ્ણાતો અને ઑપરેશન નિષ્ણાતો સહિત વ્યાવસાયિકો સમર્પિત ટીમ ખાતરી કરશે કે તમે વ્યક્તિગત, ક્લાયન્ટ-કેન્દ્રિત ઉકેલો સાથે સુરક્ષિત અને સારી રીતે સમર્થિત અનુભવો છો જે તમારી રુચિઓને અસરકારક રીતે સુરક્ષિત કરે છે. ટૂંકમાં વર્તમાન સમયમાં નાણાકીય સંરક્ષણ માટે આ સર્વોત્તમ સોલ્યુશન છે.

## સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૦૨ |
| ઘઉં લોકવન | ૪૭૨ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૪૬૮ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૬૦ |
| જુવાર પીળી | ૩૬૦ | ૪૫૦ |
| તુવેર | ૧૨૧૦ | ૧૫૦૨ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૨૯૦ |
| અડદ | ૧૧૯૦ | ૧૫૨૫ |
| મગ | ૮૦૦ | ૧૬૩૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૩૮૦ |
| વટાણા | ૭૫૦ | ૨૨૦૫ |
| રાજમા | ૮૦૦ | ૧૬૭૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૦૮૫ |
| મગફળી જીણી | ૯૨૫ | ૧૨૭૦ |
| તલી | ૧૮૦૦ | ૨૨૦૦ |
| સુરજમુખી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૩૧ | ૧૧૮૦ |
| અજમો | ૯૯૯ | ૧૯૦૦ |
| સુવા | ૧૬૫૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૮૦૮ | ૮૩૬ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૪૦ |
| કાળા તલ | ૪૦૦૦ | ૫૩૦૦ |
| લસણ | ૭૫૦ | ૧૪૦૦ |
| મરચા સુકા | ૮૫૦ | ૧૮૫૦ |
| વરીયાળી | ૧૮૦૦ | ૩૫૦૦ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૮૭૫ |
| રાય | ૧૦૫૦ | ૧૩૧૦ |
| મેથી | ૮૩૦ | ૧૨૨૦ |
| ઇસબગુલ | ૧૮૫૦ | ૨૪૫૦ |
| અશેરીયો | ૧૪૧૧ | ૧૫૦૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૫૨૫ |
| રાયડો | ૯૭૦ | ૧૦૭૦ |
| ગુવારનું બી | ૮૯૦ | ૯૪૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૫૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૩૦૫૦ |
| સાકરટેટી | ૩૦૦ | ૪૫૦ |
| તરબુચ | ૨૨૦ | ૩૬૦ |
| બટેટા | ૧૪૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૬૦ | ૨૬૫ |
| ટમેટા | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૫૦ | ૪૦૦ |
| સકરીયા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૩૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૫૦ |
| કોબીજ | ૫૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૮૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૭૦૦ |
| ટીંડોળા | ૮૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૨૨૦ | ૪૬૦ |
| કારેલા | ૭૦૦ | ૯૫૦ |
| સરગવો | ૧૫૦ | ૩૫૦ |
| તુરીયા | ૩૦૦ | ૭૫૦ |
| પરવર | ૬૦૦ | ૯૦૦ |
| કાકડી | ૨૫૦ | ૫૫૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૫૦ |
| બીટ | ૮૦ | ૨૧૦ |
| મેથી | ૨૦૦ | ૪૦૦ |
| વાલ | ૭૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૭૫૦ |
| મકાઇ લીલી | ૧૧૦ | ૨૨૦ |
| ગુંદા | ૬૦૦ | ૧૨૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૪૦ |
| ગીરનાર શીંગ | ૧૦૩૪ | ૧૦૩૪ |
| શિંગ મોટી | ૭૧૬ | ૧૦૭૦ |
| શિંગ ફાડા | ૮૪૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૭૧ |
| તલ કાળા | ૪૩૮૧ | ૪૬૫૦ |
| તલ કાશ્મીરી | ૨૦૫૧ | ૨૧૮૬ |
| જુવાર | ૪૫૦ | ૮૭૫ |
| ઘઉં ટુકડા | ૪૧૮ | ૬૪૩ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૪ |
| મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| અડદ | ૯૨૦ | ૧૪૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૮ |
| ચણા દેશી | ૧૦૨૫ | ૧૨૩૦ |
| સફેદ ચણા | ૧૦૧૫ | ૧૩૩૮ |
| તુવેર | ૭૪૦ | ૧૩૭૯ |
| વાલ | ૯૦૦ | ૧૨૫૦ |
| કપાસ | ૭૪૦ | ૧૪૮૯ |
| એરંડા | ૧૦૬૦ | ૧૧૯૧ |
| જીરૂ | ૨૬૦૦ | ૪૯૪૯ |
| રાયડો | ૯૯૦ | ૯૯૦ |
| રાય | ૭૦૦ | ૧૦૩૦ |
| ધાણા | ૧૦૩૦ | ૧૪૯૫ |
| ધાણી | ૧૧૦૦ | ૧૯૯૫ |
| અજમા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૬૦૦ | ૯૬૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૧૧ |
| મરચા લાંબા | ૩૦૦ | ૧૬૧૦ |
| દેશી મરચા | ૬૧૦ | ૬૫૫૦ |
| સુવાદાણા | ૪૪૫ | ૫૫૬ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૧૦ | ૩૦૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| શકકરીયા | ૨૪૦ | ૩૦૦ |
| ટામેટા | ૧૨૦ | ૧૬૦ |
| સુરણ | ૯૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૨૦૦ | ૨૪૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળાલીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શક્કરટેટી | ૨૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| સરગવો | ૧૦૦ | ૨૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૫૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૯૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૨૧ | ૧૪૯૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૦૪ |
| ઘઉં ટુકડા | ૪૦૬ | ૬૬૬ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૨૫૧ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૧૦૬૧ | ૧૨૨૬ |
| તલ કાળા | ૧૭૨૬ | ૨૬૫૧ |
| વરીયાળી | ૧૪૫૧ | ૨૪૯૧ |
| ધાણા | ૯૦૧ | ૧૮૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૪૦૧ | ૪૯૦૧ |
| લસણ સુકું | ૩૯૧ | ૧૩૬૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૩૬ |
| અડદ | ૧૧૫૧ | ૧૬૨૧ |
| મઠ | ૫૫૧ | ૫૫૧ |
| તુવેર | ૭૭૬ | ૧૪૯૧ |
| રાયડો | ૯૦૧ | ૯૫૧ |
| રાય | ૯૫૧ | ૧૦૫૧ |
| મેથી | ૮૦૦ | ૧૨૬૧ |
| સુવાદાણા | ૧૦૫૧ | ૧૮૦૧ |
| કાંગ | ૫૦૧ | ૬૩૧ |
| મરચા | ૩૫૧ | ૨૦૦૧ |
| મગફળી જાડી | ૬૮૧ | ૧૧૯૬ |
| સફેદ ચણા | ૧૧૧૧ | ૨૨૦૧ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૨૪૧ |
| ધાણી | ૧૦૫૧ | ૨૦૦૧ |
| મરચા સૂકા ઘોલર | ૪૫૧ | ૪૪૦૧ |
| ડુંગળી સફેદ | ૧૦૪ | ૧૭૦ |
| બાજરો | ૩૦૧ | ૩૭૧ |
| જુવાર | ૭૫૧ | ૮૯૧ |
| મકાઇ | ૬૩૧ | ૬૩૧ |
| મગ | ૧૨૦૧ | ૧૭૯૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૧૬ |
| વાલ | ૧૦૦૧ | ૧૨૫૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૨૧૯૧ |
| સોયાબીન | ૭૧૬ | ૮૪૬ |
| અજમાં | ૧૬૫૧ | ૧૬૫૧ |
| કળથી | ૬૯૧ | ૬૯૧ |
| ગોગળી | ૬૦૧ | ૯૬૧ |
| વટાણા | ૧૭૦૧ | ૨૨૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦ | ૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૧૬૦ |
| દુધી | ૫૦ | ૨૨૦ |
| ફ્લાવર | ૪૦ | ૨૪૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૮૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૭૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૬ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૩ |
| કોથમીર પુરા | ૨ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૧૨ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| આંબલી | ૫૦૦ | ૬૦૦ |
| પરવર | ૮૦૦ | ૯૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૦૦૦ |
| કઠ્ઠહજર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૭ |
| બીટ પુરા | ૬ | ૧૦ |
| સરગવો પુરા | ૪ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૫૨૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૪૦ |
| લસણ પુરા | ૧૫ | ૩૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૭૦ | ૧૪૧૬ |
| કપાસ સી ગ્રેડ | ૬૯૫ | ૯૯૫ |
| એરડી | ૧૧૬૬ | ૧૧૬૬ |
| મગ | ૬૧૫ | ૬૧૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૯૮૬ | ૧૦૬૮ |
| મગફળી ૩૨ નં. | ૯૭૬ | ૧૦૩૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૭૦ | ૫૯૫ |
| ઘઉં | ૪૬૦ | ૫૫૩ |
| રાઈ | ૧૦૪૦ | ૧૧૪૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૬૨ |
| મેથી | ૭૫૦ | ૧૦૩૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૧૫ |
| જુવાર | ૫૫૦ | ૮૯૬ |
| એરડી | ૧૧૦૦ | ૧૨૦૩ |
| ચણા | ૯૮૦ | ૧૦૯૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૪૩ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૪૪ |
| કપાસ | ૧૩૬૦ | ૧૪૨૫ |
| કાંગ | ૪૩૦ | ૫૪૪ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જિણી | ૯૧૮ | ૧૦૪૩ |
| શીંગ મોટી | ૯૫૦ | ૧૦૫૪ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૯૨૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૪૦ |
| બાજરો | ૪૦૦ | ૫૧૧ |
| જુવાર | ૫૦૦ | ૭૫૧ |
| મકાઈ | --- | ૬૦૨ |
| અડદ | ૮૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૨૬ |
| દેશી ચણા | ૧૨૦૦ | ૧૩૨૧ |
| એરડી | ૧૧૧૦ | ૧૧૮૪ |
| મેથી | ૮૦૦ | ૧૦૫૪ |
| રાય/રાયડો | ૮૫૦ | ૧૦૫૩ |
| ધાણા | ૧૩૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૫૦ | ૯૯૩ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| તલ પીળા | ૧૮૫૦ | ૧૯૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| બાજરો | ૫૪૧ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| જુવાર | ૬૦૦ | ૯૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૦૯૦ | ૧૨૦૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૫૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મેથી | ૯૦૧ | ૧૧૨૫ |
| સોયાબીન | ૭૩૦ | ૭૩૦ |
| એરડી | ૮૦૦ | ૮૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૩૧ | ૧૦૬૨ |
| શીંગ જી-૨૦ | ૯૯૬ | ૧૦૫૦ |
| એરંડા | ૧૧૬૦ | ૧૧૯૫ |
| જુવાર | ૪૦૧ | ૭૮૦ |
| બાજરી | ૩૯૦ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૪૭૭ | ૬૬૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| અડદ | ૬૧૦ | ૧૦૪૨ |
| મગ | ૧૫૭૧ | ૧૮૦૦ |
| ધાણા | ૧૦૪૫ | ૧૨૪૮ |
| મેથી | ૬૩૦ | ૯૨૦ |
| ચણા નં.૩ | ૮૬૦ | ૧૦૯૨ |
| ચણા દેશી | ૧૧૨૩ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૨૯૮ | ૧૭૬૨ |
| તુવેર | ૭૦૦ | ૧૩૬૧ |
| જીરૂ | ૪૧૦ | ૪૮૬૦ |
| ડુંગળી લાલ | ૭૨ | ૨૬૪ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૨૦૮ |
| નાળીયેર | ૫૭૦ | ૩૫૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૦૫ | ૧૪૨૦ |
| મગફળી | ૯૨૬ | ૧૦૦૫ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૪૯૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૬ |
| તુવેર | ૧૩૨૬ | ૧૩૫૧ |
| ધાણા | ૧૦૧૦ | ૧૩૭૦ |
| એરંડા | ૧૧૬૧ | ૧૧૬૧ |
| સોયાબીન | ૬૫૦ | ૭૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૨૨ | ૧૪૭૫ |
| મગફળી | ૧૦૦૨ | ૧૦૦૨ |
| ચણા | ૧૦૭૬ | ૧૦૮૨ |
| તુવેર | ૧૧૭૧ | ૧૨૭૫ |
| ચોળા | ૮૬૧ | ૮૬૧ |
| જીરૂ | ૪૩૭૫ | ૪૬૯૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૩ |
| ચણા | ૯૦૧ | ૧૧૧૧ |
| તુવેર | ૮૫૧ | ૧૪૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૦૨૬ |
| શિંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૯૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૮૦૧ |
| મેથી | ૭૦૦ | ૯૯૬ |
| ધાણા | ૮૫૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૩૦૦ | ૫૧૦ |
| બાજરો | ૩૫૦ | ૫૬૫ |
| ઘઉં | ૩૦૦ | ૫૧૧ |
| તુવેર | ૪૦૦ | ૧૩૮૫ |
| વાલ | ૭૮૦ | ૧૧૫૦ |
| મેથી | ૮૬૦ | ૧૦૬૫ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૨૫ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૦૯૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૦૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૬૯ |
| લસણ | ૫૦૦ | ૧૨૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૭૭૫ |
| અજમો | ૨૦૦૦ | ૨૭૫૦ |
| ધાણા | ૯૦૦ | ૧૫૦૦ |
| ધાણી | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦ | ૨૫૦ |
| મરચા સુકા | ૨૫૦ | ૨૩૧૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૨૦૫ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૪૮૦ |
| રાજમા | ૨૦૦ | ૫૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૯ | ૧૫૪૧ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| મગફળી | ૯૯૫ | ૧૦૩૫ |
| જીરૂ | ૩૯૩૦ | ૪૯૩૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| ચણા | ૧૦૬૨ | ૧૦૯૮ |
| તુવેર | ૧૨૬૦ | ૧૩૬૦ |
| ધાણા | ૧૩૮૦ | ૧૫૩૦ |
| મેથી | ૯૬૦ | ૧૦૩૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૯ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૫૧૩ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૪૭ |
| ચણા | ૭૪૦ | ૧૦૯૫ |
| મેથી | ૮૦૦ | ૯૩૦ |
| ધાણા | ૭૦૦ | ૧૨૮૦ |
| મગફળી | ૫૬૦ | ૯૫૦ |
| મગ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| રાયડો | ૮૫૦ | ૮૫૦ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| રાય | ૮૫૦ | ૯૩૦ |
| સોયાબીન | ૬૨૦ | ૮૦૧ |
| શીંગ ફાડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| એરંડી | ૧૦૭૦ | ૧૧૦૦ |
| ધાણી | ૧૨૫૦ | ૧૩૦૦ |
| વાલ | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૫૦ |
| મકાઈ | ૩૫૫ | ૪૧૦ |
| જુવાર | ૬૨૨ | ૬૨૨ |
| જીરૂ | ૨૩૪૦ | ૪૮૪૫ |
| ચણા સફેદ | ૧૦૯૫ | ૧૨૪૦ |
| તલ સફેદ | ૧૪૨૦ | ૧૪૨૦ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

## શબ્દ સંજોગ-૧૯૮૦




**આડી ચાવી :**
(૧) ભારતના એક રાજયનો નૃત્ય પ્રકાર (૪)
(૪) એક રાશિ (૨)
(૭) નામ કમાવવુ તે (૩)
(૯) રોચુ, અણસમજુ (૩)
(૧૧) ટોટલ (૨)
(૧૩) દુઃખ, ખેદ (૨)
(૧૫) ચાલીશ શેરનું તોલ (૨)
(૧૬) કાયદા પ્રમાણે કાચી ઉંમરનું (૩)
(૧૭) સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)
(૧૯) અવિરત, લગાતાર (૩)
(૨૪) એક તંતુવાદ્ય (૩)
(૨૬) શ્રેણી, કોટિ (૨)
(૨૭) કુલી (૩)
(૨૯) નજર સામે રાખેલું (૨)
(૩૦) હિંદી ફિલ્મોની જાણીતી અભિનેત્રી (૨)
(૩૩) ચંદ્રનો સોળમો ભાગ (૨)
(૩૪) કદાચ, કદાપિ (૨)
(૩૫) પાસાં ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)

**ઉભી ચાવી :**
(૧) કંકુ (૪)
(૨) ફિલ્મ એન્ડ ટીવી ઈન્સ્ટિટયૂટ અહીંયા આવી (૨)
(૩) મંદ, ઝાંખુ (અંગ્રેજી) (૨)
(૫) ઝાડ, પર્વત (૨)
(૬) એક અનાજ (૨)
(૮) એક ફળ (૩)
(૧૦) ખેડા જિલ્લામાં આવેલું એક ગામ (૩)
(૧૨) ગંધથી વગોવાયેલુ કંદ (આ-અ) (૩)
(૧૪) ..જમીન ને જોરુ, એ કજીયાના છોરું (૨)
(૧૬) સાર (૨)
(૧૮) વેતન લીધા વગર કામ કરનારુ (૩)
(૨૦) એક તેજાનો (૨)
(૨૧) અંગત, પોતીકુ (૨)
(૨૨) ભાંગે નહી પણ વળે તેવું (૪)
(૨૩) મમ્મીના ભાઈ (૨)
(૨૫) એક ચોઘડિયું (૨)
(૨૭) જી..... (૩)
(૨૮) પૂર (અવળું) (૨)
(૩૧) મુંબઈનો એક પરાં વિસ્તાર (૨)
(૩૨) એક ચોઘડિયું (૨)

## શબ્દ સંજોગ-૧૯૭૯ જવાબ

**આડી ચાવીઃ** (૧) રખે (૩) કાશી (૫) નિયુકત (૭) જાળ (૮) અંગ (૯) ભાન (૧૦) મુશળ (૧૧) અલભ્ય (૧૨) વરખ (૧૩) ભાર (૧૪) મુરબ્બો (૧૬) ભુવન (૧૮) રુદ્રાક્ષ (૧૯) નેમ (૨૦) કવિ (૨૧) મુલક (૨૪) ઝૂલો (૨૫) દુગ્ધ (૨૬) રકમ (૨૭) અષ્ટ. **ઉભી ચાવીઃ** (૧) હાનિ (૨) રક્ત (૩) કાળ (૪) કાગળ (૬) યુગલ (૭) જાનવર (૮) અંશ (૧૦) મુખમુદ્રા (૧૧) અદભુત (૧૫) રક્ષક (૧૭) નવલ (૧૮) રૂમઝૂમ (૨૧) વિશિષ્ટ (૨૨) મુગ્ધ (૨૩) કર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## ઘ લાઠી રોડ ડેવલપમેન્ટ કમિટી દ્વારા

# અમરેલીની વિવિધ સોસાયટીઓમાં રામ જન્મોત્સવની ઉજવણી

અમરેલી,તા.૦૯

રામનવમીના દિવસે ભગવાન રામ પ્રભુના પાવન પ્રાગટ્ય દિવસે અમરેલી "ઘ લાઠી રોડ ડેવલપમેન્ટ કમિટી" દ્વારા ભગવાન રામના જન્મદિવસની એક અનોખી ઉજવણી કરવામાં આવી હતી. લાઠી રોડ પર આવેલી તમામ સોસાયટીઓમાં સોસાયટીના રહીશો દ્વારા પોતાના વિસ્તારમાં પોતપોતાના ઘરેથી આરતી અને પ્રસાદ લાવી ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રંગોળી અને દીપ જ્યોત કરવામાં આવ્યા હતા અને શહેરના મહાનુભાવોને પોતાના વિસ્તારમાં નિમંત્રિત કરી તેમનું સ્વાગત પ્રવચન યોજાયું હતું. મહાનુભાવોએ પણ આરતીમાં સહભાગી બની મહાઆરતી દ્વારા પ્રભુ રામના પ્રાગટ્ય દિવસની ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. "હર મહોલ્લા રામ લલ્લા"ના નારા અને જય જય શ્રી રામના નારા સાથે દીપ પ્રાગટ્ય અને સામૂહિક હનુમાન ચાલીસા બાદ ભગવાન રામની મહાઆરતી દરેક સોસાયટીના વિસ્તારોમાં યોજાઈ હતી. આયોજનમાં દરેક સોસાયટીનો સાથ અને સહકાર જોવા મળ્યો હતો અને આયોજકોના ઉત્સાહને આરતીમાં હાજર રહેલા મહાનુભાવોએ હૃદયપૂર્વક બિરદાવ્યો હતો. જેમાં લાઠી રોડ





"ગંગાવિહાર" ખાતે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને પ્રો.અતુલભાઈ પટેલ, લાઠી રોડ નારણનગર ખાતે સુરેશભાઈ દેસાઈ, રમેશભાઈ કાથરોટીયા અને પ્રકાશભાઈ સોની, વૃંદાવન પાર્ક સોસાયટીમાં રામેશ્વર મહાદેવ મંદિરે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડૉ જી.જે. ગજેરા, પ્રો. એમ.એમ. પટેલ, જિલ્લા કોષાધ્યક્ષ એ.એચ.પી., રોયલ પાર્ક સોસાયટી ખાતે ડી.વાય.એસ.પી. દેસાઈ અને અમરેલી સીટી પી.આઈ. વાઘેલા, પ્રમુખસ્વામી નગર પાંડવ ચોક ખાતે દિનેશભાઈ ભુવા અને જીલુભાઈ વાળા, લાઠી રોડ કે.કે. પાર્ક ખાતે નિત્યસુધાનંદ, રવિભાઈ શેખવા, વૃંદાવન પાર્ક હનુમાનજી મંદિરે ડી. ભાઈ બામટા, દડુભાઈ ખાચર, ધરમનગર ખાતે ડૉ. દેસાણી, મનસુખભાઈ રૈયાણી, એંજલ રેસીડેન્સી ખાતે પરેશભાઈ આચાર્ય, વિજયભાઈ દેસાઈ, દીપભાઈ લીંબાસીયા, ઓમનગર -૩ ખાતે ઉદયનભાઈ ત્રિવેદી અને ભુપતભાઈ ભુવા, લાઠી રોડ "યોગીનગર" ખાતે જીતુભાઈ ડેર, વિપુલભાઈ વ્યાસ, વિદ્યાનગર સોસાયટી ખાતે સંજયભાઈ અગ્રાવત, સુરેશભાઈ સોલંકી, ગુલાબ પાર્ક / અમૃત પાર્ક / રામેશ્વર પાર્ક ખાતે રાજભા, મયુરભાઈ અને રાહુલભાઈ, શ્યામજી નગર ખાતે રાજેશભાઈ કાબરીયા, પુષ્કરધામ સોસાયટી ખાતે સરજુભાઈ અને માંજરીયાભાઈ, હનુમાનપરા ખાતે મહેશભાઈ સોલંકી અને નનુકાકા તળાવિયા, મોહનનગર ખાતે કડછાભાઈ અને ડૉ. ભાનુભાઈ કીકાણી, રણુંજા પાર્ક ખાતે ડૉ. વરુણ ગોજારિયા સાહેબ અને ડૉ. પરવાડીયા સાહેબ, જીવરાજ પાર્ક ખાતે ઈતેશભાઈ મહેતા, પરમ રેસીડેન્સી ખાતે હરેશભાઈ દેસાઈ, બાપા સીતારામ ચોક ખાતે મહેશભાઈ વાળા અને જીગરભાઈ, ગીરધરનગર ખાતે સૌરભભાઈ મકવાણા, દિલીપસિંહ ઠાકોર, જશોદાનગર ખાતે મયદીપભાઈ ડાંગર, રણુંજા પાર્ક ખાતે રણજીતભાઈ વાળા, દિગુભાઈ અને અશ્વિનભાઈ વીંછીયા, સહજાનંદ સોસાયટી ખાતે હાર્દિકબાપુ, રશ્મિનભાઈ ત્રિવેદી, પ્રમુખસ્વામી નગર ખાતે ડૉ. જીતેન્દ્રભાઈ, ડૉ. દેવલ ચૌહાણ, સત્યનારાણ સોસાયટી ખાતે સાગરભાઈ બાવાજી, પુષ્કરધામ -૨ ખાતે જીજ્ઞેશભાઈ જોષી, સાવરકુંડલા બાયપાસ ચોકડી ખાતે જીજ્ઞેશભાઈ કયાડા સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. રામ જન્મોત્સવને સફળ બનાવવા લાઠી રોડ કમિટીએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# ઉનાના દેલવાડા રોડ પર કારના સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો

ઉના, તા.૦૯

ઉનાના દેલવાડા રોડ પર ખાનગી કાર ચાલક દ્વારા સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ઈલેક્ટ્રીક સબસ્ટેશન સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. કાર અથડાતા સબસ્ટેશન અને પોલ બંને રોડ પર ઢળી પડ્યા હતા તેથી ટ્રાફિક સર્જાયો હતો. જેથી ઘણા સમય સુધી ટ્રાફિક રહ્યો હતો. આ અકસ્માતની જાણ પીજીવીસીએલને કરતાં કાર ચાલક વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી તેમજ કાટમાળ અને વીજ લાઈનની રીપેરીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



# ગીર સોમનાથ જિલ્લામાં તકેદારીના ભાગરૂપે ORS પેકેટ વિતરણ

ઉના, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લામાં હિટવેવની આગાહીને પગલે આરોગ્ય વિભાગ દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ આરોગ્ય



વિભાગે આજે જિલ્લાની વિવિધ સ્કૂલો, એસ.ટી. ડેપો, ગ્રામ પંચાયતો અને આંગણવાડીઓમાં ORS (ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન)ના પેકેટનું વિતરણ કર્યું હતું. આ સાથે જ લોકોને ORS બનાવવાની યોગ્ય રીત વિશે પણ સમજૂતી આપવામાં આવી હતી, જેથી લોકો હિટવેવથી પોતાને બચાવી શકે.

# દીવના નાગવા બીચ ખાતે ગેરકાયદેસર ચાલતા સ્પા પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું

ઉના, તા.૦૯

ઘણા સમયથી રાજયમાં તંત્ર દ્વારા દબાણો દુર કરવામાં આવે છે ત્યારે કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના નાગવા બીચ ખાતે ગેરકાયદેસર ચાલતું થાઈ સ્પા તંત્ર દ્વારા દુર કરવામાં આવ્યું હતું. આ સ્પા છેલ્લા ૨૦૨૧ના વર્ષથી કાર્યરત હતું. કરશનભાઈ લાખાની માલિકીની જમીન ઉપર બાબુ બાંધણીયા નામના શખ્સ દ્વારા કોઈ પણ જાતની પરવાનગી વગર સ્પા ચલાવતા હતા. ત્યારે તંત્રને જાણ થતા ૨૦૨૩માં પ્રશાસન દ્વારા



તસ્વીર : કૈલાશ ભટ્ટ

આ અંગે નોટીસ પણ આપવામાં આવી હતી છતાં ગેરકાયદેસર સ્પા ચલાવતા હતા. દિવના એડીએમ દ્વારા સ્પા સીલ કરાયું હતું. એડીએમ વિવેક કુમાર અને અન્ય અધિકારી તથા પોલીસ બંદોબસ્ત સાથે બે બુલડોઝર રાખી સ્પાનું બાંધકામ દુર કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાં રહેણાંક મકાનમાં આગ, ફાયર વિભાગે જામનમાલનું નુકસાન બચાવ્યુ

અમરેલી,તા.૦૯

અમરેલી શહેરના ધરમ નગર -૧, શિવ મંદિર પાસે, લાઠી રોડ પર એક રહેણાંક મકાનમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આ અંગેની જાણ તુરંત અમરેલી ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતા, ફાયર ઓફિસર એચ. સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક એક ફાયર ટેન્કર સાથે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આગ પર પાણીનો મારો ચલાવીને ગણતરીના સમયમાં આગને કાબુમાં લઈ લીધી હતી.

ફાયર સ્ટાફની સમયસૂચકતા અને કુશળતાના કારણે મકાનમાં રહેલો ઘરવખરીનો સામાન તેમજ કિંમતી ચીજવસ્તુઓ બચાવી લેવામાં સફળતા મેળવી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

# ડુંગળીના ભાવ તળિયે, સૌરાષ્ટ્રનાં ખેડૂતો માટે સહાયની માંગ કરતા હિરેન હિરપરા

અમરેલી,તા.૦૯

સૌરાષ્ટ્રમાં ડુંગળીના ભાવમાં ભારે ઘટાડો નોંધાયો છે, જેના કારણે ખેડૂતોને મોટું નુકસાન થઈ રહ્યું છે. લાલ અને સફેદ ડુંગળીના સરેરાશ ભાવ પ્રતિ ૨૦ કિલોએ રૂ. ૧૩૦ થી ૧૯૦ સુધી પહોંચી ગયા છે, જે ખેડૂતોની પડતર કિંમત કરતાં પણ ઘણા નીચા છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હિરપરાએ રાજ્યના મુખ્યમંત્રી



ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને ખેડૂતોને તાત્કાલિક સહાયરૂપ થવા રજૂઆત કરી છે.

હિરેનભાઈ હિરપરાએ જણાવ્યું હતું કે, અગાઉ જ્યારે પણ ડુંગળીના ભાવ નીચા ગયા છે, ત્યારે સરકાર દ્વારા સૌરાષ્ટ્રના ખેડૂતોને કિલો દીઠ રૂ. ૨ની સહાય આપવામાં આવી હતી. પરંતુ આ વખતે ઉત્પાદન ઓછું હોવા અને ખર્ચ વધવાના કારણે ખેડૂતોને વધુ રાહત મળી રહે તે માટે કિલો દીઠ રૂ. ૩ થી ૪ જેવી સહાય વહેલી તકે જાહેર કરવી જરૂરી છે. ખેડૂતો ડુંગળીના પાકથી વિમુખ ન થાય તે માટે તેમણે સરકારને તાત્કાલિક યોગ્ય પગલાં લેવા વિનંતી કરી છે.


## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર-**એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ–પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-અંટાળીયા ગામે ખેડુત ખાતા નં-૬૦૦ ની ખેતીના માલીકો-(૧) કાંતીભાઈ લવાભાઈ આલગીયા (૨) હરેશભાઈ હરીભાઈ વોરા ના સંયુકત નામે મોજે-અંટાળીયા, સ.નં-૨૬૯ (જુનો સ.નં-૧૦૧ પૈકી ૩), ક્ષેત્રફળ હે.આરે.ચોમી.૧-૬૨-૫૭, આકાર-૯.૦૦ વાળી ખેતીની જમીન...

ઉપરોકત જણાવ્યા મુજબની ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણ થી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે નીચેના સરનામે રજુ કરશો.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામા, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**ઠે.પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા,**
**જિ.અમરેલી મો.નં. ૯૮૯૮૩ ૧૩૮૯૪**

**સ્થળ :- લીલીયા**
**તારીખ :- ૯/૪/૨૦૨૫**


# સુરતમાં પોણા બે કરોડની ચાઈનીઝ દોરી ભરેલુ ગોડાઉન પોલીસે ઝડપી પાડ્યું

સુરત,તા.૦૯

સુરત શહેરમાંથી પોણા બે કરોડ રૂપિયાની ચાઈનીઝ દોરી જપ્ત કરી છે. એલસીબી સ્કવોડે થોડાક દિવસો પહેલાં યાર્નના નામે ચાઈનીઝ દોરી બનાવી રહેલી ફેકટરી ઝડપી હતી એની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે. ફેકટરી બાદ હવે ચાઈનીઝ દોરીનું ગોડાઉન પણ મળ્યું છે, જેમાં પોણા બે કરોડ રૂપિયાની ચાઈનીઝ દોરી અલગ-અલગ રાજ્યોમાં સપ્લાય કરવા માટે મૂકવામાં આવી હતી.

# અમરેલીની જ્ઞાનશક્તિ શાળામાં વાલીઓને CET યોજનાની સંપૂર્ણ માહિતી-માર્ગદર્શન આપવામાં આવ્યું

અમરેલી, તા.૦૯

શ્રીમતી એસ.એચ. ગજેરા વિદ્યાસભા સંચાલિત જ્ઞાનશક્તિ સ્કૂલમાં " CET યોજના અંગે સંપૂર્ણ માહિતી મળે તે હેતુથી વાલી મિટિંગનું આયોજન બુધવારે જ્ઞાનશક્તિ રેસિડેન્શિઅલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું." આ કાર્યક્રમની રૂપરેખામાં મુખ્યત્વે CET યોજનાને અનુરૂપ જે પણ





કંઈ વાલીઓને મુંજવતા પ્રશ્નો હતા તેનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ યોજનાનો મૂળ હેતુ, ફાયદાઓ, પ્રવેશ અંગેની માહિતી, કયા આધાર પુરાવાની જરૂર, એડમિશન પ્રોસેસ, શિક્ષણ પ્રવૃત્તિ, સહ અભ્યાસિક પ્રવૃત્તિ, નિઃશુલ્ક શિક્ષણ પધ્ધતિ, વગેરે CET ને લગતી સંપૂર્ણ માહિતી નાયબ DPO તેમજ CET નૉડેલ ઓફિસર સોલંકી, TPO શરદભાઈ તેમજ BRC ગજેરા દ્વારા વ્યવસ્થિત માહિતી પ્રદાન કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. અન્ય પ્રવૃત્તિનું યોગ્ય માર્ગદર્શન અને સલાહ સૂચન સંસ્થાના ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા આપવામાં આવ્યું હતું.


## બાબરાના મહે. જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં મું. બાબરા

ફો.પ.અ.નં. -૫૬/૨૦૨૫
મુ.તા.૦૯/૦૫/૨૦૨૫

અરજદાર:- જયશ્રીબેન રમેશભાઈ ગજેરા
ધર્મે :- હિન્દુ, ધંધો-ઘરકામ,
રહે. કથીરીયા પ્લોટ, મુ. ભાયાવદર,
તા. કુંકાવાવ / વડીયા, જી- અમરેલી

-::વિરૂધ્ધ::-

સામાવાળા:- જન્મ- મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
ત.ક.મ.શ્રી- ચરખા, તા.બાબરા, જી. અમરેલી.

અરજદાર તર્ફે વિ.વ.શ્રી :- વી.કે.સરવૈયા

**નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર જયશ્રીબેન રમેશભાઈ ગજેરા રહે.કથીરીયા પ્લોટ, મુ.ભાયાવદર, તા.કુંકાવાવ/વડીયા જી.અમરેલીવાળાએ તેમના દીકરાના જન્મ રજીસ્ટરમાં અનુ નં.૪૦મા મિલનભાઈ રસીકભાઈ મોહનભાઈ દુધાત લખાયેલ છે તેની જગ્યાએ મિલન રમેશભાઈ નારણભાઈ ગજેરા સુધારો કરવા સદર જન્મ રજીસ્ટરમાં નોંધણી કરાવવાનો હુકમ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ હોય જે અરજીની મુદત તા. ૦૯/૦૫/૨૦૨૫ રાખેલ હોય તો જે કોઈ ઈસમોને વાંધો તકરાર હોય તેમણે **દિન- ૩૦** માં અત્રેની બાબરા કોર્ટમાં સવારના ૧૦/૩૦ કલાકે જાતે યા માહિતીગાર વકીલ મારફતે હાજર રહેવું અન્યથા આગળની યોગ્ય ન્યાયીક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

નોટીસ આજ તા. ૦૮/૦૫/૨૦૨૫ નાં રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરી આપયા.

તૈયાર કરનાર, સહી. (એન.એચ.સાવ) આસિસ્ટન્ટ જયુ.મેજી.ફ.ક.કોર્ટ, બાબરા.
(કોર્ટનો સિક્કો)
મુકાબલ કરનાર, સહી. (એમ.વી.સરૈયા) આસિસ્ટન્ટ જયુ.મેજી.ફ.ક.કોર્ટ, બાબરા.
અમારા રૂબરૂ સહી. (આર.જે.જોષી) રજીસ્ટ્રાર જયુ.મેજી.ફ.ક.કોર્ટ, બાબરા.



## -// મામલતદાર અને એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટની કચેરી //-
## ઠે.પરબ રોડ, મું.ભેસાણ, જિ.જૂનાગઢ

## જાહેર નોટીસ

કેસ નં જન્મ-મરણ/૯/૨૦૨૫

શ્રી મનીષાબેન હરીભાઈ વોરા વા/ઓ સુરેશભાઈ બુટાણી
મું. બોરડી સમઢીયાળા, તા. જેતપુર જિ.રાજકોટ .........વાદી

**વિરૂધ્ધ**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખારચીયા, તા.ભેંસાણ, જી.જુનાગઢ

.......પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મનીષાબેન હરીભાઈ વોરા વા/ઓ સુરેશભાઈ બુટાણી દ્વારા તેમનો જન્મ તા.૦૨/૦૩/૧૯૮૧ના રોજ ગામ મોજે : ખારચીયા, તા.ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી- ખારચીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૦૪ મી માહે : એપ્રિલ સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

**(આઇ.આર.પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેસાણ**



## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૧૫/૨૦૨૫ તા.૦૫/૦૪/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. ભટ્ટી કાશમભાઈ હસનભાઈ
રહે. લાઈબ્રેરી પાછળ, સાવરકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ભટ્ટી અલીઅકબર કાશમભાઈનો જન્મ તા.૧૯/૦૯/૧૯૭૯ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**



## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૬૭/૨૫ તા.૦૧/૦૪/૨૦૨૫

**વિવાદી- શ્રી દેવાભાઈ રાજાભાઈ સોલંકી રહે.ત્રંબોડા**
**તા.બાબરા જિ.અમરેલી.**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ત્રંબોડા, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે. કરીયાણા** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના **માતા અંબાબેન રાજાભાઈ સોલંકીનું મરણ તા.૧૨/૦૫/૨૦૨૧ ના રોજ ત્રંબોડા ખાતે તથા પિતા શ્રી રાજાભાઈ સુખાભાઈ સોલંકીનું મરણ તા.૧૩/૦૨/૨૦૨૧ ના રોજ મોજે-ત્રંબોડા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **મરણ** ની નોંધ કરાવેલ ન હોય જન્મ/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૦૬/૦૩/૨૦૨૫** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **મરણ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**

# શાકભાજીના ભાવમાં મોસમી સુધારાને કારણે ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો ૨૧ મહિનાના નીચલા સ્તરે ૩.૮ ટકા પર પહોંચ્યો

મુંબઈ, તા. ૦૯

ભારતીય રિઝર્વ બેંકે બુધવારે ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવાનો અંદાજ અગાઉના ૪.૨ ટકાથી ઘટાડીને ૪ ટકા કર્યો છે. બેંકે આ પગલું કૃષિ ઉત્પાદનમાં સુધારો અને કાચા તેલના ભાવમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને ભર્યું છે. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન ગ્રાહક ભાવ સૂચકાંક આધારિત મુખ્ય છૂટક ફુગાવાનો દર ૧.૬ ટકા ઘટીને ફેબ્રુઆરી ૨૦૨૫માં ૩.૬ ટકાના નીચા સ્તરે પહોંચ્યો હતો જે ડિસેમ્બર ૨૦૨૪માં ૫.૨ ટકા હતો. શાકભાજીના ભાવમાં મોસમી સુધારાને કારણે ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો ૨૧ મહિનાના નીચલા સ્તરે ૩.૮ ટકા પર પહોંચી ગયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની પ્રથમ દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરતા, આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે ખાદ્ય ફુગાવાનો દર નિર્ણાયક રીતે હકારાત્મક ક્ષેત્રમાં છે. સારા હવામાનને કારણે શાકભાજીના ભાવમાં નોંધપાત્ર સુધારો થયો છે. "ફુગાવાના મોરચે, જ્યારે ખાદ્ય ફુગાવામાં અપેક્ષા કરતાં વધુ ઝડપથી ઘટાડો અમને રાહત અને આત્મવિશ્વાસ આપે છે, ત્યારે અમે વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને હવામાન સંબંધિત વિક્ષેપો દ્વારા ઉભા થતા સંભવિત જોખમો વિશે સાવધ રહીએ છીએ," ગવર્નરે જણાવ્યું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રવી પાક સંબંધિત અનિશ્ચિતતાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને બીજા આગોતરા અંદાજ દર્શાવે છે કે ઘઉંનું ઉત્પાદન રેકોર્ડ સ્તરે રહેશે અને મુખ્ય કઠોળનું ઉત્પાદન પણ ગયા વર્ષની સરખામણીમાં વધુ રહેશે.




# વક્ફ કાયદાને લઈને ત્રીજા દિવસે પણ જમ્મુ-કાશ્મીર વિધાનસભાની બહાર ધારાસભ્યો વચ્ચે ઝપાઝપી

જમ્મુ, તા. ૦૯

વક્ફ કાયદાને લઈને જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં ત્રીજા દિવસે પણ હોબાળો થયો હતો. નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યોએ વક્ફ પર ચર્ચાની માંગણી સાથે ઉગ્ર વિરોધ કર્યો. જે બાદ ધારાસભ્યો વચ્ચે ઘર્ષણ થયું હતું. વિધાનસભાની અંદર જ નહીં પણ બહાર પણ ધારાસભ્યો વચ્ચે ઘર્ષણ થયું હતું. ગૃહની કાર્યવાહી બપોરે ૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. વિધાનસભામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય મેહરાજ મલિકના કથિત આરોપો પર, ભાજપના ધારાસભ્ય વિક્રમ રંધાવાએ કહ્યું કે તેમણે હિન્દુઓ સાથે દુર્વ્યવહાર કર્યો છે. અમે આ સહન નહીં કરીએ. તેમણે કહ્યું છે કે તિલક લગાવવાથી હિન્દુ પાપ કરે છે. અમે તેમને જવાબ આપીશું. આજે જમ્મુ અને કાશ્મીર વિધાનસભા પરિસરમાં ધારાસભ્યો વચ્ચે ઘર્ષણ થયું હતું. વક્ફ એક્ટ પર ચર્ચાની માંગણી સાથે નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યોએ હોબાળો મચાવતા ગૃહની કાર્યવાહી બપોરે ૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. દરમિયાન, ભાજપના ધારાસભ્યો રાજ્ય સરકાર સામે વિધાનસભાની બહાર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે અને રાજ્યમાં બેરોજગારી, મજૂરોના દૈનિક વેતન વગેરે મુદ્દાઓ પર ચર્ચાની માંગ કરી રહ્યા છે.



# મને મારી નાખો તો પણ બંગાળમાં વક્ફ કાયદો લાગુ નહીં થાય : મમતા બેનર્જી

કોલકાતા,તા. ૦૯

પશ્ચિમ બંગાળમાં વક્ફ કાયદાને લઈને થઈ રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રાજ્યના મુસ્લિમ સમુદાયને ખાતરી આપી છે કે તેમની સરકાર તેમની મિલકતોની સુરક્ષા સુનિશ્ચિત કરશે. જૈન સમુદાય દ્વારા આયોજિત વિશ્વ નવકાર મહામંત્ર દિવસે બોલતા, મમતાએ ભાજપ પર કટાક્ષ કર્યો અને એકતાની હિમાયત કરી, ભારપૂર્વક કહ્યું કે તેઓ બંગાળમાં વક્ફ બિલ લાગુ થવા દેશે નહીં અને તેઓ બંગાળને ધાર્મિક આધાર પર વિભાજીત થવા દેશે નહીં. તૃણમૂલના વડાએ કહ્યું, "કેટલાક લોકો પૂછે છે કે હું બધા ધર્મોના સ્થળોની મુલાકાત કેમ લઉં છું. મેં કહ્યું હતું કે હું મારા જીવનભર ત્યાં જતી રહીશ. જો તમે મને ગોળી મારી દો તો પણ તમે મને એકતાથી અલગ કરી શકશો નહીં. બંગાળમાં કોઈ વિભાજન નહીં થાય, જીવો અને જીવવા દો."



# દિલ્હી સહિત ૮ રાજ્યોમાં હીટવેવનું યલો એલર્ટ જાહેર : ૯ રાજ્યોમાં વરસાદની આગાહી

નવીદિલ્હી,તા. ૦૯

દિલ્હી સહિત ઉત્તર ભારતમાં ભારે ગરમી પડી રહી છે. હવામાન વિભાગે દિલ્હી-એનસીઆર માટે હીટવેવ એલર્ટ જારી કર્યું છે. વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ચારથી પાંચ દિવસ સુધી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, ચંદીગઢ અને પંજાબ સહિત ઉત્તરીય મેદાનોના મોટાભાગના ભાગોમાં ગરમીનું મોજું રહેવાની શક્યતા છે. આઈએમડીએ મુંબઈ અને તેના પડોશી જિલ્લાઓ - થાણે, પાલઘર, રાયગઢ, રત્નાગિરિ અને સિંધુદુર્ગ માટે યલો એલર્ટ જારી કર્યું છે, જેમાં ૧૦ એપ્રિલ સુધી ગરમ અને ભેજવાળું હવામાન ચાલુ રહેવાની ચેતવણી આપવામાં આવી છે. ડોક્ટરોએ રહેવાસીઓને ચેતવણી આપી છે કે આવી ભારે ગરમીના સંપર્કમાં આવવાથી હળવા ફોલ્લીઓ, વધુ પડતા પરસેવાને કારણે સ્નાયુઓમાં ખેંચાણ અને હીટસ્ટ્રોક જેવી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે, "અમે દિલ્હી-એનસીઆરમાં આગામી બે દિવસ માટે ગરમીની ચેતવણી જારી કરી છે. ૧૧ એપ્રિલે હળવો વરસાદ થવાની સંભાવના છે. ઉત્તરપશ્ચિમ ભારતના અન્ય ભાગો જેમ કે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૧૦ એપ્રિલ સુધી ગરમીની સ્થિતિ ચાલુ રહેશે, ત્યારબાદ વરસાદની અપેક્ષા છે."



# બિહાર-ઝારખંડના કુખ્યાત નક્સલી રમેશ ટુડુનું જંગલમાં એન્કાઉન્ટર

બાંકા, તા. ૦૯

બાંકા જિલ્લાના કટોરિયા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કાલોથર જંગલમાં પોલીસ અને એસટીએફ દ્વારા સંયુક્ત કાર્યવાહીમાં ૧ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતો કટ્ટર નક્સલી રમેશ ટુડુ ઠાર મરાયો છે. રમેશનો લાંબો ગુનાહિત ઈતિહાસ છે. તે કટોરિયાના બુધિઘાટ ગામનો રહેવાસી હતો. તેની સામે જમુઈ અને દેવઘર જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં ૧૧ ગંભીર કેસ નોંધાયેલા હતા. તે લગભગ ૧૫ વર્ષથી નક્સલવાદી પ્રવૃત્તિઓમાં સક્રિય હતો. ડીએમ અંશુલ કુમારે રમેશના મૃતદેહના પોસ્ટમોર્ટમ માટે કટોરિયા બીડીઓ વિજય કુમાર સૌરભને મેજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કર્યા છે. પોલીસ અને એસટીએફનું સર્ચ ઓપરેશન ચાલુ છે. નક્સલવાદીઓના અન્ય ઠેકાણાઓ સામે કાર્યવાહી તેજ કરવામાં આવી છે. આ એન્કાઉન્ટરને કારણે, વિસ્તારમાં ફરી એકવાર નક્સલી પ્રવૃત્તિનો ભય ફેલાયો છે.

# વક્ફના નવા કાયદાથી ગરીબ મુસ્લિમોને ફાયદો થશે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

ન્યુ દિલ્હી,તા.૦૯

વક્ફ પર નવા કાયદાની રચના પછી જાહેર મંચ પરના પોતાના પહેલા નિવેદનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ નવો કાયદો વકફની પવિત્ર ભાવનાનું રક્ષણ કરશે. તેમણે કહ્યું કે ગરીબ મુસ્લિમોને આનો ફાયદો થશે. રાઈઝિંગ ઈન્ડિયા સમિટ ૨૦૨૫ના મંચ પરથી પ્રધાનમંત્રી મોદીએ તેમની પહેલી પ્રતિક્રિયા આપી હતી. પીએમ મોદીએ નવા વકફ કાયદાને સામાજિક ન્યાય તરફ એક મોટું પગલું ગણાવ્યું અને કહ્યું કે આ કાયદો ગરીબ પાસમંદા મુસ્લિમો, મહિલાઓ અને બાળકોના અધિકારોને સુનિશ્ચિત કરશે. પીએમ મોદીએ કહ્યું કે આનાથી વકફની પવિત્ર ભાવનાનું પણ રક્ષણ થશે. પીએમ મોદીએ કહ્યું કે અત્યાર સુધી દેશ તુષ્ટિકરણની રાજનીતિથી ચાલતો આવ્યો છે અને તેનું પરિણામ આપણે ભોગવવું પડ્યું છે. તેમણે કહ્યું, ભારત ઘણા દેશો સાથે સ્વતંત્ર થયું પણ કોની સ્વતંત્રતા ભાગલા પર શરતી હતી? આવું ફક્ત ભારત સાથે જ કેમ બન્યું? કારણ કે તે સમયે રાષ્ટ્રહિત કરતાં સત્તાની ઈચ્છા વધુ મહત્વપૂર્ણ બની ગઈ હતી. ભાગલામાં બધા મુસ્લિમોનું કામ નહોતું પણ કોંગ્રેસ દ્વારા સમર્થિત કટ્ટરપંથીઓનું કામ હતું. પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૩માં વકફ બોર્ડમાં કરવામાં આવેલ સુધારો પણ કટ્ટરપંથીઓ અને જમીન માફિયાઓને ખુશ કરવા માટેનો કાયદો હતો.



# પીએમ મોદી અને દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન વચ્ચે મુલાકાત, દ્વિપક્ષીય સહયોગને વેગ મળશે

ન્યૂ દિલ્હી,તા.૦૯

દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન ભારત પહોંચ્યા હતાં. દિલ્હીમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શેખ હમદાન સાથેની મુલાકાત બાદ જણાવ્યું હતું કે શેખ હમદાનની ભારત યાત્રાએ ભારત અને સંયુક્ત આરબ અમીરાત(યુએઈ)ની વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સહયોગને વેગ આપ્યો છે. વડાપ્રધાન મોદીને મળ્યા બાદ શેખ મોહમ્મદે પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ટ્વિટ કરીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. તેમણે લખ્યું હતું કે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને ખુશી થઈ છે. અમારી વાતચીત યુએઈ અને ભારત વચ્ચેના સંબંધોની મજબૂતાઈને દર્શાવે છે. તેમણે જણાવ્યું હતું કે આ સંબંધ વિશ્વાસ પર આધારિત છે, જે ઈતિહાસ દ્વારા આધારિત થયો છે અને અમારા સમાન દ્રષ્ટિકોણથી પ્રેરિત છે, તેમાં તકો, ઈનોવેશન તથા સ્થાયી સમૃદ્ધિની દિશામાં એક બહેતર ભવિષ્ય બનાવવાનું લક્ષ્ય છે.



# ભારતીયો દેશોને નહીં, પણ દિલ જીતવા માંગે છે : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

લિસ્બન,તા. ૦૯

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોર્ટુગીઝ રાજધાની લિસ્બનમાં ભારતીય સંશોધકો સાથેના ઈન્ટરેક્ટિવ સત્ર દરમિયાન કહ્યું કે ભારતીયો દેશો નહીં, પણ દિલ જીતવા માંગે છે. રાષ્ટ્રપતિએ સંપાલિમો સેન્ટર ફોર ધ અનનોન ખાતે ભારતીય સંશોધકોને ભારતના શ્રેષ્ઠ પ્રતિનિધિ બનવા કહ્યું કારણ કે તેઓ તેમના દેશના નામથી ઓળખાય છે. એક સંશોધકના પ્રશ્નના જવાબમાં, મુર્મુએ કહ્યું, 'તમે શિક્ષણમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરશો.' તમે સંશોધનમાં શ્રેષ્ઠ બનશો. તમે એક સારા વિદ્વાન બનશો, તમે અર્થતંત્ર અને સમાજમાં યોગદાન આપશો અને તમે અહીંના નિયમો અને કાયદાઓનું પાલન કરશો. આગળ વધો અને ભારતને ગર્વ કરાવો. સંશોધકો દ્વારા પૂછાયેલા દરેક પ્રશ્નનો જવાબ આપવા માટે રાષ્ટ્રપતિ પોતાની જગ્યાએ ઊભા રહ્યા. તેણીએ કહ્યું, 'હું એક એવા દેશમાં ગઈ હતી જ્યાં એક વરિષ્ઠ નેતાએ મને પૂછ્યું કે શું ભારતીયો દુનિયા જીતવા માંગે છે.' મેં કહ્યું હતું કે ભારતીયો દેશ જીતવા માંગતા નથી, તેઓ દિલ જીતવા માંગે છે.



# પંજાબમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર IED વિસ્ફોટ થતા BSF જવાન ઘાયલ

ગુરદાસપુર,તા. ૦૯

પંજાબમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા વાડ પાસે બુધવારે આઈઈડી વિસ્ફોટમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સનો એક જવાન ઘાયલ થયો હતો. ભારતના પશ્ચિમ ભાગમાં આવેલી આ સંવેદનશીલ સરહદ પર આઈઈડી પ્લાન્ટ કરવાની આ એક દુર્લભ ઘટના છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ ઘટના ૮ અને ૯ એપ્રિલની રાત્રે ગુરદાસપુર જિલ્લામાં બની હતી. સુરક્ષા દળોએ જણાવ્યું હતું કે બીએસએફની એક ટીમ રાત્રે સરહદ સુરક્ષા વાડની આગળ પેટ્રોલિંગ કરી રહી હતી અને ભારતીય ક્ષેત્રમાં છુપાયેલા વાયરો સાથે અનેક આઈઈડી શોધી કાઢ્યા હતા. આ પેટ્રોલિંગનો ઉદ્દેશ્ય વિસ્તાર પર નિયંત્રણ જાળવવાનો અને દિવસ દરમિયાન વારંવાર આ માર્ગ પરથી પસાર થતા સૈનિકો, સંરક્ષણ કર્મચારીઓ અને સ્થાનિક ખેડૂતોની સલામતી સુનિશ્ચિત કરવાનો હતો.

# કેન્દ્રીય મંત્રી જીતનરામ માંઝીની પૌત્રીની ગોળી મારી હત્યા કરાઈ

અતરી,તા.૦૯

અતરી પોલીસ સ્ટેશનના ટેટુઆ ટાડ પર બુધવારે સવારે લગભગ નવ વાગ્યે કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીની પૌત્રીની ધોળા દિવસે ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. આ ગોળી તેના જ પતિએ મારી હતી. આરોપી પતિ હાલ ફરાર છે.

એમએસએમઈના કેન્દ્રીય મંત્રીની પૌત્રીની હત્યા બાદ તેની નાની બહેન હેબતાઈ ગઈ હતી. મૃતક સુષ્મા કુમારી ટેટુઆ પંચાયતની વિકાસ મિત્ર હતી. તેને સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ડોક્ટર્સે તેને મૃત જાહેર કરી હતી. સમગ્ર ઘટનાની સૂચના મળતાં અતરી પોલીસ સ્વાસ્થ્ય કેન્દ્ર પહોંચી હતી. પોલીસે આરોપીની ધરપકડ માટે તપાસ હાથ ધરી છે. શબને પોસ્ટમોર્ટમ માટે મગધ મેડિકલ કોલેજમાં ખસેડવામાં આવ્યું હતું. હત્યામાં વપરાયેલ બંદૂક જપ્ત કરવામાં આવી છે.




# ભારત અને ચીને યુએસ ટેરિફનો સામનો કરવા માટે સાથે આવવું જોઈએ : ચીની દૂતાવાસના પ્રવક્તા

વોશિંગ્ટન,તા.૦૯

અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ યુદ્ધ શરૂ થઈ ગયું છે. દરમિયાન, ભારતમાં ચીની દૂતાવાસના પ્રવક્તાએ કહ્યું છે કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા ટેરિફથી સર્જાયેલા પડકારોનો સામનો કરવા માટે ભારત અને ચીને સાથે મળીને ઊભા રહેવું જોઈએ. "ચીન-ભારતના આર્થિક અને વેપાર સંબંધો પરસ્પર લાભ પર આધારિત છે. અમેરિકા ટેરિફનો દુરુપયોગ કરી રહ્યું હોવાથી, બે સૌથી મોટા વિકાસશીલ દેશોએ મુશ્કેલીઓનો સામનો કરવા માટે સાથે ઊભા રહેવું જોઈએ," પ્રવક્તા યુ જિંગે X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું. યુ જિંગે કહ્યું, "ચીન આર્થિક વૈશ્વિકરણ અને બહુપક્ષીયતાનું સમર્થક છે. ચીને વિશ્વના અર્થતંત્રને મજબૂત ગતિ આપી છે, વાર્ષિક સરેરાશ વૈશ્વિક વૃદ્ધિમાં લગભગ ૩૦ ટકા યોગદાન આપ્યું છે. અમે વિશ્વ વેપાર સંગઠનને તેના મૂળમાં રાખીને બહુપક્ષીય વેપાર પ્રણાલીને સુરક્ષિત રાખવા માટે વિશ્વ સાથે કામ કરવાનું ચાલુ રાખીશું." "બે સૌથી મોટા વિકાસશીલ દેશોએ યુએસ ટેરિફના દુરુપયોગ સામે સાથે ઊભા રહેવું જોઈએ," યુએ કહ્યું. તેમણે કહ્યું, "વેપાર અને ટેરિફ યુદ્ધમાં કોઈ વિજેતા નથી."



# ડોમિનિકન રિપબ્લિકમાં મોટો અકસ્માત : નાઈટ ક્લબની છત તૂટી પડતાં ૬૬ લોકોના મોત, ૧૬૦ ઘાયલ

સેન્ટોડોમિંગો,તા. ૦૯

કેરેબિયન દેશ ડોમિનિકન રિપબ્લિકની રાજધાની સેન્ટો ડોમિંગોમાં મંગળવારે વહેલી સવારે એક નાઈટ ક્લબની છત ધરાશાયી થતાં ઓછામાં ઓછા ૬૬ લોકો માર્યા ગયા હતા. અહેવાલો અનુસાર, આ ઘટનામાં ૧૬૦ થી વધુ લોકો ઘાયલ પણ થયા છે. ઘટના અંગે માહિતી આપતા અધિકારીઓએ જણાવ્યું કે જેટ સેટ નાઈટ ક્લબમાં કાટમાળ નીચે લોકોને શોધવામાં આવી રહ્યા છે. ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ડિરેક્ટર જુઆન મેન્યુઅલ મેન્ડેઝે જણાવ્યું હતું કે: "અમારું માનવું છે કે કાટમાળ નીચે દટાયેલા ઘણા લોકો હજુ પણ જીવંત છે અને જ્યાં સુધી બધાને બચાવી લેવામાં ન આવે ત્યાં સુધી અધિકારીઓ હાર માનશે નહીં." મેન્ડેઝે જણાવ્યું હતું કે ઘાયલોમાં મેરેંગ્યુ ગાયક રબી પેરેઝ પણ હતા, જે નાઈટ ક્લબમાં પર્ફોર્મ કરી રહ્યા હતા ત્યારે છત તૂટી પડી. તેમના મેનેજર, એનરિક પૌલિનો, જેમનો શર્ટ લોહીથી લથપથ હતો, તેમણે ઘટનાસ્થળે મીડિયાને જણાવ્યું કે કોન્સર્ટ મધ્યરાત્રિના થોડા સમય પહેલા શરૂ થયો હતો, અને લગભગ એક કલાક પછી છત તૂટી પડી. તેમણે કહ્યું કે આ ઘટનામાં ગ્રુપના સેક્સોફોનિસ્ટનું મૃત્યુ થયું. મેનેજરે કહ્યું, 'બધું ખૂબ જ ઝડપથી બન્યું.' હું કોઈક રીતે મારી જાતને એક ખૂણામાં ફસાવી શક્યો. પૌલિનોએ વધુમાં કહ્યું કે શરૂઆતમાં તેમને લાગ્યું કે તે ભૂકંપ હશે.



# ગુજરાતમાં ભારે ગરમી : અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૦ડિગ્રીને પાર પહોંચતા લોકો ત્રાહીમામ

અમદાવાદ,તા.૯

ગુજરાતમાં આ દિવસોમાં કાળઝાળ ગરમીએ લોકોનું જીવન મુશ્કેલ બનાવી દીધું છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦-૪૪ ડિગ્રીએ પહોંચી ગયું છે. આ સિવાય હવામાન વિભાગે અનેક શહેરોમાં તીવ્ર ગરમી અને હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે કચ્છ સહિત અનેક વિસ્તારોમાં હીટવેવની શક્યતા છે. આગામી ૨૪ કલાક સુધી રાજ્યમાં ગરમીમાંથી કોઈ મોટી રાહત નહીં મળે. આ પછી રાજ્યમાં તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં દિવસના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જ્યારે અન્ય વિસ્તારોમાં કોઈ ખાસ ફેરફાર થયો ન હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર



થવાની સંભાવના નથી. જો કે આ પછી રાજ્યભરમાં તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૧ થી ૪૫ ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હીટવેવની અસર નીચે ૯મી એપ્રિલે, ગુજરાતમાં ભુજનું તાપમાન ૪૩ ડિગ્રી, નલિયામાં ૩૮, કંડલા (પોર્ટ) ૩૯, કંડલા (એરપોર્ટ) ૪૫, અમરેલીમાં ૪૪, ભાવનગરમાં ૪૧ ડિગ્રી નોંધાયું હતું. મહુવામાં ૪૦, કેશોદમાં ૪૨, અમદાવાદમાં ૪૩, ડીસામાં ૪૩, ગાંધીનગરમાં ૪૩, સુરતમાં ૪૦ અને દમણમાં ૩૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# ગુજરાતમાં હાઈવે પ્રોજેક્ટ માટે ૧૨૭૧.૦૨ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરતી કેન્દ્ર સરકાર

અમદાવાદ,તા.૯

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વિકાસ માટે શક્ય તમામ કામગીરી કરવામાં આવી રહી છે. આ માટે રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને રોડ કનેક્ટિવિટી પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે, ત્યાં ગુજરાત સરકાર રાજ્યના વિવિધ શહેરો વચ્ચે રોડ કનેક્ટિવિટી મજબૂત કરી રહી છે. જ્યારે, કેન્દ્ર સરકાર પણ ગુજરાતમાં રોડ કનેક્ટિવિટી સુધારવામાં રાજ્ય સરકારને મદદ કરી રહી છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે ગુજરાતમાં હાઈવે પ્રોજેક્ટ માટે ૧૨૭૧.૦૨ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તેમની સોશિયલ મીડિયા પોસ્ટ પર આ જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં ૧૨૭૧.૦૨ કરોડના ખર્ચે હાઈવે પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ગુજરાતના પોરબંદર, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નેશનલ હાઈવે-૧૫૧Kના



પોરબંદર-ભાણવડ-જામ જોધપુર-કાલાવડના સમગ્ર ૧૧૯.૫૦ કિમીના પટ્ટાને રૂ. ૧૨૦ કરોડના ખર્ચે પાકા રોડ સાથે ૨-લેનમાં અપગ્રેડ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટેડ રસ્તો પોરબંદર નજીક નેશનલ હાઈવે-૫૧ સાથે પોરબંદર જંકશનથી શરૂ થાય છે અને ભાણવડ, જામ જોધપુરને જોડે છે અને કાલાવડ નજીક નેશનલ હાઈવે-૯૨૭ડી સાથે કાલાવડ જંકશન પર સમાપ્ત થાય છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૫૧કે રાજ્યના ૩ મુખ્ય રાજ્ય ધોરીમાર્ગોને જોડશે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તેમની જાહેરાતમાં આ રાજ્ય ધોરીમાર્ગને ગ્રેડ-સેપરેટેડ સ્ટ્રક્ચર, ૮ મોટા પુલ અને ૧૦ બાયપાસ સાથે અપગ્રેડ કરવાની વાત કરી છે.

# અમદાવાદમાં આરોગ્ય અધિક સચિવ અને નિવૃત્ત ડીન ૧૫ લાખની લાંચ લેતા ઝડપાયા

અમદાવાદ, તા.૦૯

અમદાવાદમાં આરોગ્ય અધિક સચિવ દિનેશ પરમાર અને નિવૃત્ત ડીન ગીરીશ પરમાર લાંચ લેતા ઝડપાયા છે. ફરિયાદીની તરફેણમાં કામગીરી કરવા ફરિયાદી તથા સાથી ડોક્ટર પાસે ૩૦ લાખની લાંચ માગી હતી. જ્યારે લાંચની રકમ ૧૫ લાખ સ્વીકારતા લાંચિયા અધિકારીને ACBએ સફળ છટકું ગોઠવી ઝડપી પાડ્યા હતા. આ આખા પ્રકરણમાં કેસની સ્થિતિ એવી છે કે આ કેસમાં ફરિયાદ કરનારા અગાઉ ભાવનગરમાં નાયબ નિયામકનો



હોદ્દો ધરાવતા હતા. તે દરમિયાન તેઓએ આરોગ્ય વિભાગનાં સ્ટાફ સામે બોગસ મેડિકલ પ્રેક્ટીસ બાબતે શિક્ષાત્મક કાર્યવાહી કરતા ફરિયાદી સામે ખંડણીની ફરિયાદ કમિશનર આરોગ્ય વિભાગને થઈ હતી. આના પગલે ફરિયાદી તથા તેઓના સાથી ડોકટરને ફરજ મોકુફ કરવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં કોંગ્રેસના અધિવેશનમાં બેરોજગારી, અર્થવ્યવસ્થા, ખેડૂતો સહિતના મુદ્દાઓ પર ચર્ચા

અમદાવાદ,તા.૦૯

ગુજરાતના આંગણે ૬૪ વર્ષના લાંબા ગાળા બાદ કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળી રહ્યું છે. સાબરમતીના તટે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના હસ્તે ફ્લેગ હોસ્ટિંગ બાદ રાષ્ટ્રીય અધિવેશનની શરૂઆત થઈ ગઈ છે. અધિવેશનમાં રાષ્ટ્રવાદ, પ્રજાતંત્ર અને લોકતંત્ર બચાવવા, સામાજિક ન્યાય, દેશમાં સર્વધર્મ સદભાવ, મહિલાઓના અધિકાર, ખેડૂતો, અર્થવ્યવસ્થા, બેરોજગારી, આર્થિક અન્યાય, વિદેશ નીતિ, સશક્ત સંગઠન પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઈ છે. હવે એક બાદ એક નેતા પ્રસ્તાવ પર ચર્ચા કરી રહ્યા છે. મંગળવારે સરદાર સ્મારકમાં CWCની બેઠક અને



ગાંધી આશ્રમમાં પ્રાર્થના સભા યોજાઈ હતી. રાહુલ ગાંધીએ ૨૦૨૭માં ગુજરાતમાં ભાજપને હરાવવાની ચેલેન્જ આપી છે ત્યારે આજના અધિવેશનમાં ગુજરાત કોંગ્રેસને લઈ મહત્વનો નિર્ણય થઈ શકે છે. બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશનના કાર્યક્રમમાં પ્રથમ દિવસે મંગળવારે સવારે સરદાર સ્મારક ખાતે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. ત્યારબાદ સાંજના સમયે સાબરમતી આશ્રમે પ્રાર્થના સભા અને મોડી સાંજે રિવરફ્રન્ટ પર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

# સુરતમાં પીવાના પાણીમાં સેલ્ફોસ દવા નાખતા ૭૦ રત્નકલાકારોને ઝેરી અસર

સુરત,તા.૦૯

સુરતમાં ૭૦ રત્નકલાકારોને ઝેરી દવાની અસરની ઘટના સામે આવી છે. કાપોદ્રા વિસ્તારના મિલેનિયમ કોમ્પલેક્સમાં આવેલા અનભ જેમ્સ નામના કારખાનામાં ઘટના બની છે. કારખાનામાં ૧૦૦ જેટલા રત્નકલાકારો કામ કરતા હતા. જેમાંથી ૭૦ની તબિયત લથડતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ તમામની હાલત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે. પીવાના પાણીના ફિલ્ટર પ્લાન્ટમાં અસમાજિક તત્વએ સેલ્ફોસ નામની દવાની પડીકી નાખી હોવાનું જાણવા મળતા આ સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિનેનિયમ કોમ્પલેક્સમાં અનભ જેમ્સ નામની કંપની છે તેમાં સવારે એક ઘટના બની જેમાં પાણીની ટાંકીમાં કોઈ અસમાજિક તત્વએ સેલ્ફોસની દવાની પડીકી અંદર નાખી દીધી હતી. આ મામલે કોઈ જાનહાનિ થઈ નથી. આરોપી સામે ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ગુજરાતમાં ધારાસભ્યોને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં રૂા. ૧ કરોડનો વધારો

અમદાવાદ,તા.૦૯

ગુજરાતમાં ધારાસભ્યને ફાળવવામાં આવતી વાર્ષિક ગ્રાન્ટમાં એક કરોડ રૂપિયાનો વધારો કરાયો છે. અત્યારસુધી ધારાસભ્યોને મતવિસ્તાર દીઠ વાર્ષિક દોઢ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવતી હતી, જેમાં એક કરોડનો વધારો કરી હવે વાર્ષિક અઢી કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો નિર્ણય કરાયો છે, જોકે જે વધારાની ગ્રાન્ટ ફાળવવામાં આવશે એમાંથી ૫૦ લાખ રૂપિયા 'કેચ ધ રેઈન' અભિયાન માટે ખર્ચ કરવાના રહેશે. ગુજરાતમાં ધારાસભ્યને પોતાના મતવિસ્તારમાં વિકાસકામો માટે વાર્ષિક દોઢ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી, જેમાં એક કરોડનો વધારો કરાતાં હવે અઢી કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. એ વધારાની ગ્રાન્ટમાંથી ૫૦ લાખ રૂપિયા જળસંચયના વિકાસ કામો માટે ઉપયોગ કરવાનો રહેશે. મુખ્યમંત્રીએ રાજ્યના ધારાસભ્યો પોતાના વિસ્તારોમાં વરસાદી પાણીના સંગ્રહ અને સંચય માટેનાં કામો હાથ ધરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપે એવો અભિગમ પણ આ ગ્રાન્ટ ફાળવણીમાં રાખ્યો છે.

# રાજ્યના ૧૬ IAS અધિકારીઓની બદલી, ૪૯ PSIને PI તરીકે બઢતી

ગાંધીનગર,તા.૦૯

રાજ્યમાં અંતે IASની બદલીના ઓર્ડર કરાયા છે. વડોદરા મ્યુનિસિપલ કમિશનર, પાટણ અને મહિસાગરના કલેક્ટર સહિત ૧૬ IAS અધિકારીઓની બદલી કરવામાં આવી છે. વડોદરા મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાની ગાંધીનગર હાયર એજ્યુકેશન કમિશનર તરીકે બદલી કરી દેવામાં આવી છે. નોંધનીય છે કે, થોડા સમય પહેલા જ મ્યુનિસિપલ કમિશનર અને



મેયર પિન્કીબેન સોની વચ્ચે વિવાદ સર્જાયો હતો. કમિશનર વિકાસ કામોની બેઠકમાં મેયર સાથે ચર્ચા કરતા ન હોવાનો આક્ષેપ કર્યો હતો. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અર્પિત સાગરની પણ મહીસાગર જિલ્લા કલેકટર તરીકે બદલી કરી દેવામાં આવી છે. ગુજરાત પોલીસને લઈને ખુશીના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં બે દિવસ પહેલાં ૩૩ બિન હથિયારી PSIના બઢતીના આદેશ કરવામાં આવ્યા હતા. જ્યારે બુધવારે રાજ્યના અલગ-અલગ જિલ્લામાં ફરજ બજાવતા અન્ય ૪૯ બિન હથિયારી PSIને PI તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. રાજ્યના પોલીસ બેડામાં ૩૩ PSI બાદ અન્ય ૪૯ PSIને PI તરીકે પ્રમોશનના DGP વિકાસ સહાયે આદેશ કર્યા છે. જેમાં મોરબી, પોરબંદર, બનાસકાંઠા, સુરત, કચ્છ સહિત રાજ્યભરના અલગ-અલગ જિલ્લામાં ફરજ બજાવતા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) વર્ગ-૩ના પોલીસકર્મીને બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર (PI) વર્ગ-૨માં બઢતી આપવામાં આવી છે. બઢતી મળતાં તમામ ૪૯ પોલીસકર્મીના પગારધોરણમાં વધારો થશે.

# અમદાવાદ શહેરના શાહપુર વિસ્તારમાંથી એમડી ડ્રગ્સના જથ્થા સાથે એક ઝડપાયો

અમદાવાદ, તા.૯

અમદાવાદના શાહપુરમાં ફરીથી એમડી ડ્રગ્સ ઝડપાયું છે. અમદાવાદ એસઓજી ક્રાઈમ બ્રાન્ચે ૧૫ ગ્રામનો રૂ. ૧.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એસઓજીની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી, જેના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. આ મામલે આરોપી સાહિદ શેખની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આ જથ્થો સાહિદ શેખની એક્ટિવાની ડિક્કીમાંથી ઝડપ્યો હતો. અમદાવાદમાં એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી આ દરમિયાન તેને બાતમી મળી હતી કે શાહપુરમાં એક સ્કૂટીમાં એમડી ડ્રગ્સના જથ્થા સાથે એક વ્યક્તિ ઊભો છે, આ બાતમીના આધારે એસઓજી તરત જ ત્યાં પહોંચી ગઈ હતી. તેણે બાતમીદારે દર્શાવેલા ખાસ સંકેતો પરથી આરોપી સાહિદ શેખને ઓળખી કાઢ્યો હતો. પકડાયેલ આરોપી કેટલાય સમયથી એમડી ડ્રગ્સની હેરાફેરી કરતો હતો. આમ આરોપી ડ્રગ પેડલર હતો. શાહપુર પોલીસે ગુનો નોંધીને આ કેસમાં વધારે તપાસ શરૂ કરી છે.














